અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ છઠ | અંક : ૧૮૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે રજૂ કરશે વચગાળાનું બજેટ

### લોકસભાની ચૂંટણી નજીક હોવાથી નાગરિકોને રાહત મળવાની આશા છે, ૯ ફેબ્રુઆરી સુધી ચાલનારુ સત્ર તોફાની બની શકે છે, વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરી શકે છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આ સત્ર બે રીતે ખાસ છે - પ્રથમ આ સત્રમાં દેશના નાણામંત્રી વચગાળાનું બજેટ રજૂ કરશે. જ્યારે આ સત્ર મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું બજેટ છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ ગૃહમાં વચગાળાનું બજેટ રજૂ કરશે. લોકસભાની ચૂંટણી નજીક હોવાથી નાગરિકોને રાહત મળવાની આશા છે. ૯ ફેબ્રુઆરી સુધી ચાલનારુ સત્ર તોફાની બની શકે છે. વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરી શકે છે. સંસદમાં બજેટ સત્ર પહેલા મંગળવારે તમામ પક્ષોના નેતાઓ સાથે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠક માટે કેન્દ્ર દ્વારા તમામ પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ બંને ગૃહોના તમામ પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક સંસદના પુસ્તકાલયમાં યોજાઈ હતી. બેઠક શરૂ થાય તે પહેલાં TMC સાંસદો સુદીપ બંદોપાધ્યાય અને સુખેન્દુ શેખર રે કેન્દ્રીય પ્રધાનો પ્રહલાદ જોશી અને અર્જુન રામ મેઘવાલને મળ્યા હતા. તેમના સિવાય આ બેઠકમાં સ્ઢસ્દ્ર સાંસદ વાઈકોએ હાજરી આપી હતી. બજેટ સત્ર ૧ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંબોધન સાથે શરૂ થશે અને આ સત્ર ૯ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૧૨ હેઠળ સરકાર દરેક નાણાકીય વર્ષની શરૂઆત પહેલા સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ કરે છે. બજેટ એ નાણાકીય વર્ષમાં સરકારની આવક અને ખર્ચ સાથે સંબંધિત દસ્તાવેજ છે. આ નાણાકીય વર્ષ દર વર્ષે ૧ એપ્રિલથી શરૂ થાય છે અને આવતા વર્ષની ૩૧ માર્ચે સમાપ્ત થાય છે. આ વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે, તેથી આ વખતે તે વચગાળાનું બજેટ હશે. આ વખતે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટ નવી સરકાર આવે ત્યાં સુધી માત્ર સરકારી ખર્ચને પહોંચી વળવા માટે જ હશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું સંપૂર્ણ બજેટ સામાન્ય ચૂંટણી પછી ચૂંટાયેલી નવી સરકાર દ્વારા જૂલાઈમાં રજૂ કરવામાં આવશે.



## ન્યૂઝ બ્રિફ

### બેઠક વહેંચણી મામલે એક તરફી નિર્ણય ન લઈ શકાય : જયરામ રમેશ



। (એજન્સી) કટિહાર, તા.૩૧ ।

ઈન્ડિયાગઠબંધનમાં સીટ વહેંચણીનું કોકડુ હજુ પણ વણઉકેલાયેલું જ છે. સીટ વહેંચણીના ફસાયેલા પેચ માટે કોઈ સુખદ સમાધાન નથી આવ્યું. ત્યારે હવે ગઠબંધનમાં સીટ વહેંચણી પર ચાલુ થયેલા રાજકીય ઘમાસાણ પર કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પ્રતિક્રિયા આપી છે. તેમણે ગઠબંધનમાં સામેલ પક્ષોને ચેતવણી આપતાં કહ્યું કે આ મુદ્દે બધાનો સમાન મત હોવો જોઈએ.

### બજેટ પહેલાં સરકારની ભેટ, મોબાઈલના ભાવમાં ઘટાડો થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

કેન્દ્રીય નાણામંત્રી આવતીકાલે બજેટ રજૂ કરશે. આ વખતે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે નહીં. બજેટની રજૂઆત પહેલા સરકારે મોબાઈલ મેન્યુફેક્ચરિંગને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નોટિફિકેશન મુજબ મોબાઈલ મેન્યુ ફેક્ચરિંગમાં વપરાતા પાર્ટ્સ પર ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ૧૦% છૂટ આપવામાં આવી છે. ભારતમાંથી નિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ પગલું ભર્યું છે.

### મસ્જિદની નીચે આવેલું ભોંયરું ૧૯૯૩થી બંધ હતું

## જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસજીના ભોંયરામાં હિંદુઓ પૂજા કરી શકશે

**હિન્દુ પક્ષો કોર્ટના નિર્ણયથી મોટી જીત થઈ હોવાનું કહ્યું છે અને ૩૦ વર્ષ બાદ ન્યાય મળ્યો હોવાનો દાવો કર્યો : ૭ દિવસમાં વ્યવસ્થા કરવાનો આદેશ**

। (એજન્સી) વારાણસી, તા.૩૧ ।

જ્ઞાનવાપી કેસમાં હિંદુ પક્ષને મોટી સફળતા મળી છે. વારાણસી કોર્ટે હિંદુ પક્ષને વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો છે. કોર્ટે વ્યાજ પરિવારને પૂજા કરવાનો અધિકાર આપ્યો છે. આ ઉપરાંત સાત દિવસમાં વ્યવસ્થા કરવાનો પણ આદેશ અપાયો છે. આ ભોંયરું મસ્જિદની નીચે આવેલું છે અને તે ૧૯૯૩થી બંધ છે. વારાણસી કોર્ટના નિર્ણય બાદ હવે વ્યાસજીના ભોંયરામાં નિયમિત પૂજા-અર્ચના થશે. કાશી વિશ્વનાથ ટ્રસ્ટ બોર્ડ દ્વારા પૂજા-અર્ચના થશે. હિન્દુ પક્ષો કોર્ટના નિર્ણયથી મોટી જીત થઈ હોવાનું કહ્યું છે અને ૩૦ વર્ષ બાદ ન્યાય મળ્યો હોવાનો દાવો કર્યો છે. ત્યાં નવેમ્બર-૧૯૯૩ સુધી પૂજા-અર્ચના કરાઈ હતી.

શૈલેન્દ્ર કુમાર પાઠકે વારાણસીના જ્ઞાનવાપી પરિસરમાં આવેલ વ્યાસજીના ભોંયરામાં પૂજા-પાઠ કરવાનો અધિકાર આપવાની માંગ કરતી અરજી કરી હતી, જેના પર ગઈકાલે સુનાવણી હાથ ધરાયા બાદ જિલ્લા ન્યાયાધીશે આદેશને સુરક્ષિત રાખી લીધો હતો અને આજે નિર્ણય સંભળાવ્યો હતો. આ અરજીમાં હિંદુ પક્ષનો દાવો છે કે, નવેમ્બર ૧૯૯૩માં તે વખતની રાજ્ય સરકારે વ્યાસજીના ભોંયરામાં પૂજા-અર્ચના અટકાવી દીધી હતી, જેને પુનઃ શરૂ કરવાનો અધિકાર આપવામાં આવે. બીજી તરફ મુસ્લિમ પક્ષે પ્લેસ ઑફ વર્શિપ એક્ટનો ઉલ્લેખ કરી અરજીને રદ કરવાની માંગ કરી હતી.

### સંસદના બજેટ સત્ર પહેલા મોદીનું નિવેદન

## અમુક લોકોનો સ્વભાવ હોબાળો કરવાનો જ થઇ ગયો : પીએમ મોદી

**જેણે ગૃહમાં ઉત્તમ વિચારો રજૂ કર્યા હશે તેમને એક મોટાભાગના લોકો યાદ કરે છે : વડાપ્રધાન મોદી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સંસદનું આજે બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે આર્થિક સર્વેક્ષણ રિપોર્ટ પણ રજૂ કરવાની તૈયારી છે. તેના પર ગૃહમાં ચર્ચા કરાશે. આ દરમિયાન પીએમ મોદીએ સત્રની શરૂઆત પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં સંસદની બહાર કહ્યું હતું કે, પીએમ મોદીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે હું આશા રાખું છું કે આ વર્ષે જેને જે રસ્તો દેખાયો એ જ રીતે સંસદમાં બધાએ પોત-પોતાની રીતે કામ કર્યું. હું એટલું જરૂરી કહીશ કે અમુક લોકોનો સ્વભાવ હોબાળો કરવાનો જ થઈ ગયો છે જે લોકશાહી મૂલ્યોના ચીરહરણમાં જ માને છે. આવા તમામ માનનીય સાંસદો આજે છેલ્લા સત્રમાં જરૂર આત્મનિરિક્ષણ કરશે કે ૧૦ વર્ષમાં તેમણે શું કર્યું. પીએમ મોદીએ કહ્યું કે સંસદની આ નવી ઈમારતમાં આયોજિત પ્રથમ સત્રના અંતે એક સાંસદે ખૂબ જ ગૌરવપૂર્ણ નિર્ણય લીધો અને તે નિર્ણય હતો નારીશક્તિ વંદન કાયદો. તે પછી ૨૬ જાન્યુઆરીએ આપણે જોયું કે કેવી રીતે નારી શક્તિના સામર્થ્યને, શૌર્યને, સંકલ્પને



અનુભવ્યો અને આજે બજેટ સત્ર પણ શરૂ થઈ રહ્યો છે. જ્યારે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુનું માર્ગદર્શન તથા આવતીકાલે નિર્મલા સીતારમણ દ્વારા વચગાળાનું બજેટ એક રીતે નારીશક્તિના સાક્ષાત્કારનો પર્વ છે. પીએમ મોદીએ કહ્યું કે, બજેટ સત્ર એ સાંસદો માટે પસ્તાવાનો અવસર છે. આ એક સારી છાપ છોડવાની તક છે. આજે આ તક જવા ના દેતા. દેશહિતમાં ગૃહને તમારા વિચારોનો લાભ આપજો. દેશને ઉત્સાહ અને ઉમંગથી ભરી દો.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા પર હુમલો

## પ.બંગાળમાં રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારો, કારના કાંચ તૂટ્યા

। (એજન્સી) કોલકાતા, તા.૩૧ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના કાફલા પર પશ્ચિમ બંગાળના માલદામાં હુમલો થતા ચકચાર મચી ગઈ છે. આ હુમલો તેમની કાર પર આજે થયો હતો. ઘટના દરમિયાન વાહનના કાચ તૂટી ગયા હોવાનું જાણવા મળ્યું છે. પથ્થર ફેંક્યા પછી કોઈને ઈજા થઈ હતી કે નહીં, હાલમાં આ વિશે કોઈ માહિતી નથી, પરંતુ આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ભારત જોડો ન્યાય યાત્રા બંગાળ પહોંચી હતી. એક સમાચાર ચેનલ દ્વારા મળેલી માહિતી મુજબ રાહુલ ગાંધીના કાફલાને પશ્ચિમ બંગાળના માલદામાં નિશાન બનાવવામાં આવ્યું હતું. સૂત્રો મુજબ કેટલાક અરાજકતાવાદી તત્વોએ આ હુમલો કર્યો હતો અને આ અરાજકતાવાદી તત્વોને શાસક પક્ષ સાથે કથિત સંબંધો હોવાનું કહેવાય છે. જો કે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મળેલા અહેવાલો મુજબ ન્યાય યાત્રા નિહાળવા માલદા જિલ્લાના લભા પુલ પાસે હજારોની ભીડ એકઠી થઈ હતી. રાહુલ ગાંધી બસમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. તેમના કાફલાના વાહન પરના હુમલામાં, કારની પાછળની વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી. કોંગ્રેસના નેતાઓએ તેને સુરક્ષાની મોટી ખામી ગણાવી છે.

### ઉ.મેક્સિકોમાં બસ-ટ્રક ટકરાતાં ૧૯નાં મોત થયા, ૧૮ ઘાયલ



। (એજન્સી) માજાતલાન, તા.૩૧ ।

ઉત્તર મેક્સિકોમાં એક હાઈવે પર બસ અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઓછામાં ઓછા ૧૯ લોકોએ જીવ ગુમાવ્યાંની માહિતી મળી રહી છે. જ્યારે ૧૮થી વધુ લોકો ઈજાગ્રસ્ત હોવાની જાણકારી મળી છે. રાજ્યના નાગરિક સુરક્ષા કાર્યાલયના નિર્દેશક રોય નવરેટેએ કહ્યું કે આ અકસ્માત પોર્ટની નજીકના શહેર માજાતલાનની નજીક એલોટા ટાઉનશિપમાં સર્જાયો હતો.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women's Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ તા. ૦૧-૦૨-૨૦૨૪ સુધી સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીંચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો..
+ 91 9081 66 33 55 / 66

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કેવર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત,
www.merrylandhospital.com



## સુરેન્દ્રનગરમાં કોલસાની ખાણમાં ત્રણ કામદારોના મોત મામલે કાર્યવાહી



। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૩૧ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ખંપાળિયા ગામે કોલસાની ખાણમાં થયેલી દુર્ઘટનામાં ત્રણ કામદારોના મોત કેસમાં કાર્યવાહી શરૂ થઇ હતી. ઘટનાના છ દિવસ બાદ પાંચ ભૂમાફિયાઓ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. કોલસાની ખાણમાં મોતના કેસમાં પાંચ ભૂમાફિયા સામે ફરિયાદ નોંધાઇ છે. સેફ્ટી વગર કામદારોને ખાણમાં ઉતારતા આ ઘટના બની હતી. જમીન માલિક સહિત પાંચ ભૂમાફિયાઓ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરાઇ હતી. જે લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે તેમાં શામજીભાઈ ધીરુભાઈ ઝેઝરીયા,જનકભાઈ કેશાભાઈ પરમાર, કિશોરભાઈ હેમુભાઈ બાવળીયા, દેવશીભાઈ (જમીન માલિક), દિનેશભાઈનો સમાવેશ થાય છે. આ તમામ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૦૪, ૩૩૭, ૩૩૮ અને એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે. મૃત્ય પામેલા મજૂરોનો પીએમ કરાવ્યાં વગર દાહોદ મોકલી દેવાયા હોવાનો એક ઓડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જે બાદ ખનિજ માફિયાઓએ મજૂરોની લાશો સગેવગે કરી અંતિમ સંસ્કાર કરાવી નાખ્યા હોવાનો તપાસમાં ઘટસ્ફોટ થયો છે. જમીન માલિકે બેદરકારી દાખવી કોલસાનો કૂવો જીવલેણ હોવા છતાં શ્રમિકોને સેફ્ટીના સાધનો વગર કૂવો ખોદવા મોકલતા ભેખડ ખસી ગઈ હતી. જેમાં કાળીબેન ડામોર, સુરેશભાઈ ડામોર અને જયલાભાઈનું મોત થયું હતું. જ્યારે બે ઈજાગ્રસ્ત થયા હતા. જેથી જમીનના માલિક સહિત કુલ ૫ ભૂમાફિયાઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ખાણમાં ભેખડ ધસી પડતા દાહોદથી આવેલા ૩ મજૂરોના મોત થયા હતા.

અંકલેશ્વરમાં ગેરકાયદે બાંધકામ બચાવવા વેપારીનું ગતકડું

# ભંગારના વેપારીએ ગેરકાયદેસર જમીન ઉપર રામ મંદિર બનાવ્યું

## બુલડોઝરના ડરથી રામ મંદિરની સ્થાપના કરી ભગવાન રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ રાખવામાં આવી છે

। (એજન્સી) અંકલેશ્વર, તા.૩૧ ।

તમે લોકોને ગેરકાયદે બાંધકામ બચાવવા માટે તમામ પ્રકારની યુક્તિઓ અપનાવતા જોયા હશે. પરંતુ ગુજરાતના એક વ્યક્તિએ જે કર્યું તે જોઈને સૌ કોઈને નવાઈ લાગે છે. આ વ્યક્તિએ ગેરકાયદેસર જમીન પર રામ મંદિર બનાવ્યું છે અને દ્વારપાલ તરીકે પીએમ મોદી અને યુપીના સીએમ યોગી આદિત્યનાથની મૂર્તિઓ સ્થાપિત કરી છે. આ ભંગારના વેપારીનું નામ મોહનલાલ ગુપ્તા છે. ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપ મેન્ટ ઓથોરિટી (બીએયુડીએ)ના અધિકારીઓ તેના ગેરકાયદે બાંધકામ પર નજર રાખી રહ્યા છે. આવી સ્થિતિમાં બુલડોઝર ચાલવાના ડરથી ગુપ્તાએ હવે રામ મંદિરની સ્થાપના કરી છે. જેમાં ભગવાન રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ રાખવામાં આવી છે. જ્યારે પીએમ મોદી અને સીએમ યોગીને તેના દ્વારપાળ બનાવવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના રહેવાસી મોહનલાલ ગુપ્તાએ ગયા વર્ષે બિલ્ડિંગમાં વધારાનો માળ બાંધ્યો હતો. તેમજ આ ગેરકાયદે ભંગારના વેરહાઉસની ટોચ પર એક મંદિર પણ બાંધવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું. અંકલેશ્વરના ગડખોલ ગામની જનતા નગર સોસાયટીમાં રહેતા મનસુખ રાખસિયાની ફરિયાદને પગલે બીએયુડીએના અધિકારીઓએ બિલ્ડીંગનું નિરીક્ષણ કર્યા બાદ ભંગારના વેપારીએ બચવા માટે આ યુક્તિ કરી હતી. આ મંદિર ગેરકાયદેસર જમીન પર બાંધવામાં આવ્યું હતું અને કોઈપણ કાર્યવાહીથી બચવા માટે ગેટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની મૂર્તિઓ બનાવવામાં આવી હતી. પરંતુ આ પછી વિવાદ વધુ વકર્યો છે. વેરહાઉસની ટોચ પર બાંધવામાં આવેલ મંદિર અંગેની ફરિયાદો બાદ, બીએયુડીએ અધિકારીઓએ મંગળવારે સ્થળની મુલાકાત લીધી હતી અને જાણવા મળ્યું હતું કે મોહનલાલે પરવાનગી લીધા વિના વધારાનો માળ બાંધ્યો હતો. તેમજ ગેરકાયદેસર મંદિર બાબતેની કોઈપણ કાર્યવાહીથી બચવા માટે ગેટ પર પીએમ મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની મૂર્તિઓ બનાવવામાં આવી હતી. બીએયુડીએએ હવે તેમને જરૂરી દસ્તાવેજો જમા કરાવવા માટે સાત દિવસનો સમય આપ્યો છે. જો કે, મોહનલાલના જણાવ્યા મુજબ, તેણે જીતેન્દ્ર ઓઝા પાસેથી ગયા વર્ષે મિલકત ખરીદી હતી, તેમજ ૨૦૧૨ માં ગડખોલ ગ્રામ પંચાયત પાસેથી બાંધકામની પરવાનગી લીધી હતી. ગુપ્તાએ આરોપ લગાવ્યો હતો કે જે લોકો તેમની ઈર્ષ્યા કરતા હતા તેમણે આ મંદિર વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

ગુપ્તાએ કહ્યું, 'મેં મિલકતમાં કેટલાક ફેરફાર કર્યા છે. કેટલાક લોકો એવા છે કે જેઓ મારાથી ઈર્ષ્યા કરે છે અને સ્ટ્રક્ચર તોડી પાડવાની ધમકી આપી રહ્યા છે. તેણે મારી પાસેથી પૈસા પણ માંગ્યા છે. તે અમારી રિદ્ધિ સિદ્ધિ સોસાયટીથી દૂર રહેણાંક સોસાયટીમાં રહે છે. બીજી બાજુ, ૧૧ જુલાઈ, ૨૦૨૩ ના રોજ નોંધાયેલી રાખસિયાની પ્રથમ ફરિયાદ મુજબ, ગુપ્તા સહિત ગામની ત્રણ રહેણાંક સોસાયટીઓમાં કથિત ગેરકાયદેસર બાંધકામ માટે 'કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી'. ગુપ્તાની બે માળની ઈમારત ઉપરાંત વધુ બે લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

# આઇજીસીએમઆઇએલએ ગિફ્ટ સિટીમાં પ્રથમ ટ્રાન્ઝેક્શન હાથ ધર્યું

## ઇન્ડિયન ઓઇલની વિસ્તૃત મૂડી ખર્ચ યોજનાઓ માટે વિદેશી રોકાણોને આકર્ષિત કરવા માટે એક મંચ ઉપલબ્ધ બનાવશે

। ગાંધીનગર, તા.૩૧ ।

ઈન્ડિયન ઓઈલની સંપૂર્ણ માલિકીની પેટાકંપની આઈઓસી ગ્લોબલ કેપિટલ મેનેજમેન્ટ આઈએફએસસી લિમિટેડ (આઈજીસીએમઆઈએલ)એ આજે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે પ્રથમ ટ્રાન્ઝેક્શન હાથ ધર્યું હતું.



ઈન્ડિયન ઓઈલની વર્તમાન ઈસીબી (બાહ્ય વાણિજ્યિક ઋણ) લોનના પુનઃધિરાણ માટે ડીબીએસ બેંક સિંગાપોર પાસેથી લોન લેવાના આ સોદાની ટર્મશીટ પર આઈજીસીએમઆઈએલના ડિરેક્ટર રુચિર અગ્રવાલ અને ડીબીએસ બેંકના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ વિકાસ ઓમ સહાય દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સોદો આઈએફએસસી ગિફ્ટ સિટીનાં ભારતમાં વિદેશી મૂડી લાવવાનાં અને ભારતીય બેંકિંગ ઉદ્યોગની ક્ષમતા વ્યાપક બનાવવાના વિઝનને અનુરૂપ છે. આ મહત્વ પૂર્ણ પ્રસંગે ગિફ્ટ સિટીના ચેરમેન ડો. હસમુખ અઢિયા, ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્ય, ઈન્ડિયન ઓઈલના ડિરેક્ટર (ફાઈનાન્સ) અનુજ જૈન, આઈજીસીએમઆઈએલના ચેરમેન સંજય કૌશલ અને કોર્પોરેટ ઓફિસના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ફાઈનાન્સ) અને ઈન્ડિયન ઓઈલના સિનિયર મેનેજમેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિની પ્રશંસા કરતાં વૈદ્યએ જણાવ્યું હતું કે, "આઈજીસીએમઆઈએલ મારફતે અમારો ઉદ્દેશ અમારા વિદેશી રોકાણોમાં વધુ સુસંગતતા અને નિયંત્રણ લાવવાનો, અમારા નાણાકીય કાર્યોને શ્રેષ્ઠ બનાવવાનો અને અમારી વૈશ્વિક હાજરીને વ્યાપક બનાવવાનો છે.. આઈજીસીએમઆઈએલ રિન્યુએબલ પ્રોજેક્ટ્સ સહિત ઈન્ડિયન ઓઈલની વિસ્તૃત મૂડી ખર્ચ યોજનાઓ માટે વિદેશી રોકાણોને આકર્ષિત કરવા માટે એક મંચ ઉપલબ્ધ બનાવશે. આઈજીસીએમઆઈએલ દ્વારા શરૂ કરનારા એક સાહસ દ્વારા જહાજ સંપાદન, ધિરાણ અને લીઝિંગની કામગીરી કરાશે.

# વસિયતનામા માટે મૃત વ્યક્તિને કાગળ પર જીવિત બતાવાઈ

। (એજન્સી) રાજકોટ, તા.૩૧ ।

પ્રોપર્ટી માટે લોકો અત્યારે કઈપણ કરી છૂટવા માટે તૈયાર હોય છે. અનેક એવા કિસ્સા સામે આવ્યા છે જેમાં પરિવારો વચ્ચે ઘર ઘરમાં મહાભારત થઈ જાય છે. આવો જ એક અચંબિત કરતો કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે જેમાં મૃત્યુ પામેલી વ્યક્તિને માત્ર વસિયતનામું બનાવવા માટે ફરીથી કાગળ પર જીવિત દર્શાવવામાં આવી હતી. જોકે આ સમયે એક વસિયતનામું લખાઈ ગયું ત્યારપ છી ફરીથી તેને મૃત પણ જાહેર કરીને ડેથ સર્ટિફિકેટ પણ નવું બનાવાયું હતું. મહિલાએ ૧૯૯૬માં જમીન વેચી હતી તેને પચાવી પ ડવા માટે એક શખસે આ પ્રમાણે કૃત્ય કર્યું હતું અને પછી ઘણા બધા માલિકો આ જમીનનાં બદલાતા ગયા હતા.

# એએમસીના ભ્રષ્ટ અધિકારીને આખરે સસ્પેન્ડ કરવામાં આવ્યા

## વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણ સહિત કોગ્રેસ કાઉન્સિલરોએ કમિશનર એમ થેન્નારસને આવેદન પત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

આખરે એસીબીએ અપ્રમાણસર મિલકતના કેસમાં એએસમીના વોર્ડ ઈન્સ્પેક્ટર પર કાર્યવાહી કરતા એએમસી તંત્રમાં હડકપ મચી ગયો છે. ઈન્દ્રપુરી વોર્ડમાં એસ્ટેટ વિભાગમાં વોર્ડ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ પર રહેલા ભ્રષ્ટ અધિકારી સુનિલકુમાર રાણાને આખરે એએસમી સસ્પેન્ડ કરવામા આવ્યા છે. એસીબી દ્વારા અપ્રમાણસર મિલકત અંતર્ગત કેસ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

એએમસીમાં ચાલતા ભ્રષ્ટાચાર મુદે વિપક્ષ કોંગ્રેસ પણ આક્રમક જોવા મળ્યુ હતું. વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણ સહિત કોગ્રેસ કાઉન્સિલરોએ કમિશનર એમ થેન્નારસને આવેદન પત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી. અમદાવાદ મ્યુનિ કોર્પોરશનને એસ્ટેટ વિભાગમા પાછલા ઘણા વર્ષોથી લાંચ રુશ્વતની ઘણી વાતો સાંભળવામા આવતી હતી. જેના સંદર્ભે લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા એસ્ટેટ વિભાગના ટીડીઓ વિભાગના અધિકારીની તપાસ કરતા ટી.ડી.ઓ. વિભાગના વોર્ડ ઈન્સ્પેક્ટર સુનીલ રાણાની આવક અને મિલકતોનું ફોરેન્સીક ઓડીટ કરવામાં




આવ્યુ હતુ. જે રિપોર્ટમાં ચોકાવનારી વિગતો આવી હતી કે, સુનીલ રાણા તેમની સત્તારવાર આવક કરતા ૩૦૬ ટકા વધારે એટલે કે રૂ.૨.૭૫ કરોડની વધારે સંપત્તિ ધરાવે છે. આ સંપત્તિ તેમની પત્ની અને સંતાનોના નામે રોકાણ કરવામાં આવી હતી. જેના આધારે એ.સી.બી.એ તપાસ શરૂ કરી છે અને મિલકતો ટાંચમાં લેવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. આ કેસ બહાર આવતા માની શકાય કે, અમદાવાદ મ્યુનિ. કો.ના એસ્ટટ ટી.ડી.ઓ. વિભાગમાં મોટા પાયે ભષ્ટ્રાચાર આચરવામાં આવી રહ્યો હોય. આ સાથે જ જો યોગ્ય તપાસ કરવામાં આવે તો અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના એસ્ટેટ ટી.ડી.ઓ. વિભાગ સહિત તમામ વિભાગોમાં વ્યાપક ભષ્ટ્રાચાર જણાઇ આવી શકે છે. આ સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે, એસ્ટેટ ટી.ડી.ઓ. વિભાગ સહિત તમામ વિભાગોમાં યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભષ્ટ્રાચાર રોકવામાં આવે. છઝ્રમ્ દ્વારા સુનિલકુમાર રાણા વિરૂદ્ધ અપ્રમાણસર મિલકતનો કેસ નોંધ્યો છે. વર્ષ ૨૦૧૦થી ૨૦૨૦ દરમિયાન તેમની આવક તેમના પગાર કરતા ૩૦૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. અંદાજીત ૨ કરોડ ૭૫ લાખની વધુ આવક સામે આવી હતી. સુનિલકુમાર રાણા અગાઉ શાહપુર વોર્ડમાં પણ કાર્યકર્તા હતો જે સમયે ત્યાં પણ કરોડો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું સામે આવ્યુ હતું. સુનિલ રાણા તેમના પરિવારના સભ્યના નામે કરોડ રૂપિયાની મિલકત વસાવી હતી.

એએસમી શાહપુર કાઉન્સિલર અકબર ભટ્ટીનો દાવો છે કે, સુનિલ રાણાની યોગ્ય તપાસ થાય તો આ આંકડો જે બહાર આવ્યો છે તેમા કદાચ વધારો થશે.

સેમિનારમાં જોડાનાર સૌએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો પાળવાનો સંકલ્પ ગ્રહણ કર્યો

# અમદાવાદ આર.ટી.ઓ દ્વારા રોડ સેફ્ટી અને CPR વિષયક માર્ગદર્શક સેમિનાર યોજાયો

## અમદાવાદ શહેર આર.ટી.ઓ અધિકારીશ્રી અને ઓર્થોપેડિક સર્જને એબેલોન ક્લિન એનર્જી, ક્લેરિસ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા શહેરની જાણીતી એબેલોન ક્લીન એનર્જી અને ક્લેરિસ કંપની ખાતે રોડ સેફટી સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં અમદાવાદ શહેર આર.ટી.ઓ. અધિકારી શ્રી જે. જે. પટેલ તથા જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. મોહનીશ ગઢવી તેમજ શહેર ટ્રાફિક પોલીસ અધિકારી શ્રી ગોહિલે માર્ગ સલામતી વિશે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ઓર્થોપેડિક સર્જન ડૉ. મોહનીશ ગઢવીએ તેઓના પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તેમજ વીડિયોના માધ્યમથી અકસ્માત અને તેની ગંભીરતાને સમજાવી હતી. આ ઉપરાંત તેમણે CPR વિશે જાણકારી આપી હતી. સેમિનારમાં અમદાવાદ શહેર આર. ટી.ઓ. અધિકારીશ્રી જે.જે.પટેલે ટ્રાફિકના નિયમોનું પાલન તથા સલામત ડ્રાઈવિંગ કરવા હાજર સૌને અનુરોધ કર્યો હતો. આ સેમિનારમાં કંપનીના પ્રેસિડેન્ટ શ્રી



શ્યામ શર્મા, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી બિરેન શાહ તથા શ્રી ડેનિશ મેકવાન સહિતના અધિકારીઓ તથા કંપનીમાં કામ કરતા કર્મચારીઓ હાજર રહ્યા હતા. સેમિનારના અંતે સૌને ટ્રાફિકના નિયમોના પાલનનો સંકલ્પ લેવડાવી માર્ગ સલામતી અંગે જાગૃ ત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે તારીખ ૧૫ જાન્યુઆરી,૨૦૨૪થી ૧૪ ફેબ્રુઆરી,૨૦૨૪ દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા વિવિધ માધ્યમોથી નાગરિકોને માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોથી વાકેફ કરીને જાગૃતતા ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

વિશેષ

કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરતા કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ

# સરકારી ગેઝેટમાં સુરત એરપોર્ટ 'આંતરરાષ્ટ્રીય એરપોર્ટ' તરીકે જાહેર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ૧૭ ડિસે.એ રૂ.૩૫૩ કરોડના ખર્ચે નિર્મિત સુરત એરપોર્ટના નવા ટર્મિનલ ભવનનું લોકાર્પણ કર્યું હતું






કેન્દ્ર સરકારના ગેઝેટમાં સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો આધિકારિક દરજ્જો આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે તા.૩૦/૧/૨૪ ના રોજ જાહેર કરેલા ગેઝેટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે જાહેર કર્યું છે. કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગત ૧૭ ડિસે.એ રૂ.૩૫૩ કરોડના ખર્ચે નિર્મિત સુરત એરપોર્ટના નવા ટર્મિનલ ભવનનું લોકાર્પણ કર્યું હતું. સુરત ભારતના સૌથી ગતિશીલ શહેરો પૈકીનું એક છે, ડાયમંડ અને ટેક્ષટાઈલ ઉદ્યોગમાં આગવી નામના ધરાવે છે, ત્યારે સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય દરજ્જો મળવાથી આર્થિક વૃદ્ધિમાં ગતિ લાવવામાં મદદ મળશે. સાથે જ વિદેશી રોકાણ આકર્ષિત કરવા અને રાજદ્વારી સંબંધોને મજબૂત કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના ૨૦૪૭માં વિકસિત ભારતના સંકલ્પમાં યોગદાન આપવા સુરત અગ્રેસર રહેશે. સુરત એરપોર્ટ માત્ર આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે પ્રવેશદ્વાર જ નહીં બને, પરંતુ સમૃદ્ધ હીરા અને કાપડ- ઉદ્યોગો માટે અવિરત નિકાસ-આયાત કામગીરીની સુવિધા પણ આપશે. દેશવિદેશના વ્યાપારીઓને નવા એરપોર્ટથી સુવિધાજનક મુસાફરી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એર કનેક્ટિવિટી મળશે એમ જણાવી મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી તેમજ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. નોંધનીય છે કે, સુરત હવાઈમથક હાલમાં દિલ્હી, ચેન્નઈ, બેંગલુરૂ, કોલકતા, હૈદરાબાદ, ગોવા, ગોવા(મોપા), પુણે, દીવ, બેલગાવી, ઈન્દોર, ઉદયપુર, જયપુર અને કિશનગઢ જેવા ૧૪ રાષ્ટ્રીય શહેરો અને આંતરરાષ્ટ્રીય રીતે શારજાહ અને દુબઈ મારફતે વિશ્વના બાકી ભાગો સાથે જોડાયેલું છે. સપ્તાહ દીઠ ૨૫૨ થી વધુ પેસેન્જર ફ્લાઈટની અવરજવર થાય છે, ત્યારે સુરતને ગત તા.૧૫મી ડિસે.એ કેન્દ્ર સરકારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે જાહેર કર્યું હતું. જ્યારે હવે અધિકૃત રીતે ગેઝેટમાં પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય દરજ્જો મળવાથી એર કનેક્ટિવિટી, યાત્રી અવરજવર અને કાર્ગો સંચાલનમાં વધારા સાથે વિકાસના નવા અવસરો મળશે.

## જ્ઞાનવાપીમાં નમાઝ પર રોક, પૂજાપાઠ શરૂ કરવા સુપ્રીમમાં અપીલ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

વારાણસીમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદ અંગે આર્કિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)નો રિપોર્ટ જાહેર થયા બાદ હિન્દુ સંગઠનોએ ત્યાં નમાઝનો વિરોધ શરૂ કરી દીધો છે. હિન્દુ સંગઠનોએ એક અરજી સાથે સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી જેમાં જ્ઞાનવાપી મસ્જિદમાં નમાઝ પઢવા પર રોક લગાવવાની સાથે સાથે પૂજા પાઠ શરૂ કરાવવાની માગ કરી હતી. હિન્દુ સંગઠન હિન્દુ સિંહ વાહિની સેનાએ સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસને પણ આ મામલે પત્ર લખ્યો હતો. તેમાં એએસઆઈ સરવેના રિપોર્ટનો હવાલો આપી કહ્યું હતું કે અમે માગ કરીએ છીએ કે કાશીમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં નમાઝ પઢવા પર તાત્કાલિક ધોરણે રોક લગાવવામાં આવે. અરજીમાં વૈજ્ઞાનિક સરવેના રિપોર્ટને આધાર ગણાવતાં આ માગ કરાઈ હતી. હિન્દુ સંગઠનના વકીલ વિનીત જિંદલે હિન્દુ સિંહ વાહિની સેનાના મહાસચિવ તરીકે ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડના નામે પત્ર લખ્યો હતો.

### ડિજિટલાઈઝેશનની મદદથી ગામે-ગામ પહોંચશે સહકારિતા મંત્રાલય

# મોદી સરકારે ડિજિટલ ઈન્ડિયા અને સહકારિતાના માધ્યમથી સમૃદ્ધ ગામનો પાયો નાખ્યો : અમિત શાહ

। નવી દિલ્હી, તા.૩૧ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (ARDBs) અને સહકારી મંડળીઓ (RCSs)ના રજિસ્ટ્રાર કાર્યાલયના કોમ્પ્યુટરાઈઝેશન માટેની યોજનાનો શુભારંભ કર્યો છે. જેનાથી સહકારી ક્ષેત્રમાં કાગળો પર લોકોની નિર્ભરતા ઘટશે અને ગતિશીલતા પણ વધશે. આ પ્રસંગે અમિત શાહે કહ્યું કે, મોદી સરકારે ડિજિટલ ઈન્ડિયા અને સહકારિતાના માધ્યમ થકી સમૃદ્ધ ગામનો પાયો નાખવાનું કામ કર્યું છે. ડિજિટલાઈઝેશનની મદદથી હવે સહકાર મંત્રાલય ગામ - ગામ સુધી પહોંચશે.

દેશમાં સહકારિતા મંત્રાલયની રચનાની માંગ ઘણા સમયથી થઈ રહી હતી પરંતુ કોઈ સરકારે તેના પર ધ્યાન આપ્યું ન હતું. વર્ષ ૨૦૨૧માં મોદીજીએ સહકારિતા મંત્રાલયની રચના કરી અને મંત્રાલયની કમાન અંત્યોદયની રાજનીતિ કરનાર અમિત શાહને સોંપી. મોદીજીએ સહકારિતાના માધ્યમથી કરોડો લોકોને સ્વ-રોજગાર સાથે જોડવા માટે એક મજબૂત સિસ્ટમ બનાવી છે. લાંબા સમયથી સહકારિતા ક્ષેત્ર સાથે સંકળાયેલા શાહે સહકારી ચળવળને



મજબૂત બનાવવાનું મોટું કામ કર્યું હતું. અંદાજિત ૨ વર્ષમાં જર્જરિત સહકારી ક્ષેત્રને જીવંત બનાવવાનું અને છેવાડાના માણસને પણ લાભ પહોંચાડવાનું કામ માત્ર શાહ જ કરી શકે છે. આજે અંદાજે ૨૩ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. આજે મોદી સરકાર કરોડો લોકોના ઘરોમાં ગેસ, વીજળી, ૫ કિલો મફત રાશન અને અન્ય ઘણી સુવિધાઓ આપીને ગરીબોના કલ્યાણ માટે કામ કરી રહી છે.

મોદીજીના નેતૃત્વ અને અમિત શાહની નીતિઓ અંતર્ગત સહકારિતા મંત્રાલય 'સહકાર થી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા અને કરોડો ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ARDB અને RCS કાર્યાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન એ સહકારિતા મંત્રાલય દ્વારા લેવામાં આવેલા ઘણા મહત્વપૂર્ણ પગલાઓમાંથી એક છે. આ પ્રોજેક્ટ સહકારી ક્ષેત્રના આધુનિકીકરણ અને સમગ્ર સહકારી ઈકોસિસ્ટમને ડિજિટલ પ્લેટફોર્મ પર લાવીને કાર્યક્ષમતા વધારવાની અમિત શાહની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આજે સમગ્ર દેશમાં PACSના કોમ્પ્યુટરાઈઝેશન સાથે તેને એક કોમન નેશનલ સોફ્ટવેરના માધ્યમથી નાબાર્ડથી જોડાઈ રહ્યું છે. PACSને બહુહેતુક સામાન્ય સેવા કેન્દ્રો તરીકે ડિજિટલ સેવાઓ શરૂ કરવા માટે પણ સક્ષમ કરવામાં આવી રહી છે. PACS થી લઈને સમગ્ર સહકારી વ્યવસ્થાનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. એ કહેવામાં કોઈ સંકોચ નથી કે જે રીતે મોદી-શાહની જોડી 'સહકાર થી સમૃદ્ધિ'ના મંત્ર સાથે વર્ષોથી ઉપેક્ષિત સહકારી મંડળીઓને એક નવો આયામ આપવામાં જોડાઈ છે. હવે એ દિવસ દૂર નથી જ્યારે 'સંકલ્પ થી સિદ્ધિ'ની આ યાત્રામાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક વૈશ્વિક મંચ પર મહાસત્તા તરીકે ઉભરી આવશે. શાહની નીતિઓ અંતર્ગત ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ સમાન સહકારી સંસ્થાઓને વધુ સુસંગત બનાવવા અને તેના દ્વારા ગ્રામીણ વસ્તીનું જીવનધોરણ ઊંચું લાવવા માટે ઝડપથી કામ કરવામાં આવી રહ્યું છે.

### RBIએ કરી મોટી જાહેરાત


# સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરો માટે ૫૦૦૦ કરોડ પૂરા પાડવાનો નિર્ણય

### લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી એ નાણાકીય નીતિનો એક ભાગ છે જેની મદદથી સિસ્ટમમાં લિક્વિડિટી નિયંત્રિત થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

બેંકિંગ સિસ્ટમમાં તરલતાની સ્થિતિ સુધારવા માટે, રિઝર્વ બેંકે સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી હેઠળ સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરો માટે વધારાના રૂ. ૫૦૦૦ કરોડ પૂરા પાડવાનો નિર્ણય કર્યો છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, આ રકમ વર્તમાન રેપો રેટ પર ૩૧ જાન્યુઆરીથી ઉપલબ્ધ થશે. સેન્ટ્રલ બેંકે તેની પ્રેસ રિલીઝમાં કહ્યું કે તેણે વર્તમાન રોકડની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લીધો છે. તાજેતરના દિવસોમાં, બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટીને લઈને સમસ્યાઓ છે. સેન્ટ્રલ બેંક આના નિરાકરણ માટે સતત પગલાં લઈ રહી છે.

આજનો નિર્ણય પણ આવા પગલાંમાં સામેલ છે. બેંકિંગ સિસ્ટમમાં તરલતાની સ્થિતિ તંગ છે અને ખાધની સ્થિતિ યથાવત છે. કોઈપણ દિવસે, જો બેંકિંગ સિસ્ટમ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી હેઠળ આરબીઆઈની ચોખ્ખી લોન લેનાર રહે છે, એટલે કે ફેસિલિટી દ્વારા એકત્ર કરાયેલા નાણાં ફેસિલિટીમાં જમા કરવામાં આવેલી થાપણો કરતાં વધુ હોય, તો તેને ખાધની સ્થિતિ કહેવામાં આવે છે. આ સ્થિતિ ઘણા દિવસોથી સતત ચાલી રહી છે. લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી એ નાણાકીય નીતિનો એક ભાગ છે જેની મદદથી સિસ્ટમમાં લિક્વિડિટી નિયંત્રિત



થાય છે. રેપો રેટ અને રિવર્સ રેપો રેટ તેના બે ભાગ છે. જ્યારે જરૂરી હોય ત્યારે, બેંકો રેપો રેટ દ્વારા ભંડોળ એકત્ર કરે છે અને તેમના વધારાના ભંડોળ રિવર્સ રેપો રેટ દ્વારા જમા કરે છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે, સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી દ્વારા સિસ્ટમને વધારાના ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે. સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી એ એક વિન્ડો છે જેના દ્વારા રિઝર્વ બેંક રેપો રેટ પર સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરોને લોન આપે છે. પ્રાથમિક ડીલરો રિઝર્વ બેંકમાં નોંધાયેલા છે અને તેઓ સરકારી સિક્યોરિટીઝ ખરીદવા અને વેચવા માટે અધિકૃત છે. આમાં એકલ પ્રાથમિક ડીલરો અને બેંક પ્રાથમિક ડીલરોનો સમાવેશ થાય છે. સ્ટેન્ડઅલોન પ્રાઈમરી ડીલર્સમાં NBFC અને બેંકોની પેટાકંપનીઓનો સમાવેશ થાય છે. હવે નાણાકીય વર્ષના અંતમાં માત્ર બે મહિના બાકી છે અને સામાન્ય રીતે નાણાકીય વર્ષ પૂરા થતાંની સાથે જ બેંકિંગ સિસ્ટમમાં રોકડની સ્થિતિ પર દબાણ વધી જાય છે.

### વિશ્વની સૌથી મોટી પાર્સલ ડિલિવરી કંપનીમાં છટણી

# પાર્સલ ડિલિવરી કંપનીમાં ૧૨ હજાર લોકોની નોકરી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સમગ્ર વિશ્વમાં નોકરીઓની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. વિશ્વના ઘણા દેશોમાં દરરોજ વિવિધ કંપનીઓમાંથી છટણીના સમાચાર આવે છે. હવે વધુ એક નિરાશાજનક સમાચાર સામે આવી રહ્યા છે કે વિશ્વની સૌથી મોટી પાર્સલ ડિલિવરી કંપની યુનાઈટેડ પાર્સલ સર્વિસ ૧૨,૦૦૦ થી વધુ લોકોને તેમની નોકરીમાંથી છટણી કરવાની તૈયારી કરી રહી છે.

આ સિવાય કંપની તેના ટ્રક ફ્રેઈટ બ્રોકરેજ બિઝનેસ કોયોટ માટે પણ આકરા નિર્ણયો લેવાનું વિચારી રહી છે. યુનાઈટેડ પાર્સલ સર્વિસે વર્ષની આવક અપેક્ષા કરતાં ઓછી રહેવાનો અંદાજ મૂક્યો હતો. આ પછી યુપીએસના શેરમાં ૯.૩ ટકાનો જંગી ઘટાડો જોવા મળ્યો



હતો. કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ કેરોલ ટોમે કહ્યું કે ગત વર્ષ મુશ્કેલ અને નિરાશાજનક હતું. UPS એ તેના તમામ બિઝનેસ સેગમેન્ટ્સમાં વોલ્યુમ, રેવન્યુ અને ઓપરેટિંગ પ્રોફિટમાં ઘટાડો નોંધ્યો છે. હવે કંપનીનો ધ્યેય $1 બિલિયનનો ખર્ચ ઘટાડવાનો છે. યુપીએસની સ્થિતિ વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિનો સંકેત માનવામાં આવી રહી છે. કંપનીના જણાવ્યા અનુસાર, ૨૦૨૪ના બીજા છમાસિક ગાળા સુધી સ્થિતિ સુધરવાની કોઈ આશા નથી.

### કોર્ટે કહ્યું આ કોઈ પિકનિક સ્પોટ નથી

# મંદિરમાં બિન હિન્દુઓને પ્રવેશ પર હાઇકોર્ટે લગાવી પાબંદી

। (એજન્સી) મદુરાઈ, તા.૩૧ ।

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના હિંદુ ધર્મ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ વિભાગને તમામ હિંદુ મંદિરોમાં બોર્ડ લગાવવા માટે નિર્દેશ આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે મંદિરોમાં કોડીમારામ (ધ્વજસ્તંભ) વિસ્તારની બહાર બિન-હિન્દુઓને મંજૂરી નથી. કોર્ટે કહ્યું હતું કે હિંદુઓને પણ તેમના ધર્મને માનવા અને તેનું પાલન કરવાનો અધિકાર છે. હાઈકોર્ટની મદુરાઈ બેંચના જસ્ટિસ એસ શ્રીમતિએ ડી. સેંથિલ કુમારની અરજી પર સુનાવણી કરતા આ નિર્ણય આપ્યો હતો. સેંથિલ કુમારે ઉત્તરદાતાઓને અરુલમિગુ પલાની ધનાદયુથપાની સ્વામી



મંદિર અને તેના પેટા મંદિરોમાં માત્ર હિંદુઓને જ પ્રવેશવાની મંજૂરી આપવાના નિર્દેશની માંગ કરી હતી. તેમણે મંદિરોના તમામ પ્રવેશદ્વારો પર આ અંગેના બોર્ડ લગાવવાની સૂચના પણ આપી હતી. ભગવાન મુરુગન મંદિર ડિંડીગુલ જિલ્લામાં પલાની ખાતે આવેલું છે. અરજી સ્વીકારીને, કોર્ટે પ્રતિવાદીઓને મંદિરોના પ્રવેશદ્વાર પર, ધ્વજસ્તંભની નજીક અને મંદિરમાં મુખ્ય સ્થાનો પર બોર્ડ લગાવવાનો નિર્દેશ આપ્યો હતો.

### પ્રેમાનંદજી મહારાજે કર્યો ખુલાસો

# શું ખરેખર પ્રાણ પ્રતિષ્ઠા થયા બાદ રામલલ્લાની મૂર્તિ બદલાઈ ગઈ?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

લાખો ભક્તો પ્રેમાનંદ મહારાજના ઉપદેશ અને પ્રવચનો ખૂબ જ ઉત્સાહથી સાંભળે છે. મથુરા-વૃંદાવનના પ્રેમાનંદ મહારાજ જી તેમના ઉપદેશોમાં શ્રી કૃષ્ણના મહિમા અને સ્વરૂપનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તે તેમને શ્રી રામલલ્લા સંબંધિત પ્રશ્ન પૂછ્યો.

જેનો જવાબ પ્રેમાનંદજીએ ખુબ સારી રીતે આપ્યો. પ્રેમાનંદ મહારાજના પ્રવચનો અને તેમની વાતોને આખો દેશ સાંભળે છે. એમના પ્રવચનો એટલા પ્રભાવશાળી છે કે ક્રિકેટર વિરાટ કોહલી અને એક્ટ્રેસ અનુષ્કા શર્મા પણ એમના આશીર્વાદ લેવા



પહોંચે છે. પ્રેમાનંદ મહારાજ આમ તો શ્રી કૃષ્ણની મહિમા અને એમના સ્વરૂપના પ્રવચનોનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તોએ શ્રી રામલલ્લા સાથે જોડાયેલો સવાલ પૂછ્યો. ભક્તે પૂછ્યું, પ્રાણ પ્રતિષ્ઠા બાદ આખરે શા માટે બદલાઈ ગઈ રામલલ્લાની મૂર્તિ. આ સવાલના જવાબમાં પ્રેમાનંદ મહારાજે સટીક વર્ણન આપતા આ અંગે એક ખુલાસો કર્યો કે આવું શા માટે થયું. આ દિવસોમાં પ્રેમાનંદ જી મહારાજનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અયોધ્યાના એક ભક્ત તેમને સવાલ પૂછી રહ્યા છે. અયોધ્યાથી આવેલા આ ભક્તે પૂછ્યું, 'પ્રાણ પ્રતિષ્ઠા પછી સ્થાપિત શ્રી રામજીની મૂર્તિ દિવ્ય અને જીવંત બની ગઈ.

આ જીવંતતાનું કારણ શું છે?' આ પ્રશ્નના જવાબમાં પ્રેમાનંદજી મહારાજે જવાબ આપ્યો, 'આપણા શાસ્ત્રો અને આપણા મંત્રોમાં મોટી શક્તિ છે. શ્રીવિગ્રહમાં, વેદ અને મંત્રોની મદદથી ભગવાનનું આહ્વાન કરવામાં આવે છે.' તેઓ આગળ કહે છે, ' જે મંત્રવેત્તા, જે ત્રિકાલ સંધ્યા કરે છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે અમૃત ઉદ્યાનની ઝલક.

# માલધારીઓએ ચીની સૈનિકોને દોડાવી દોડાવીને માર માર્યા

। (એજન્સી) લદ્દાખ, તા.૩૧ ।

લેહ-લદ્દાખના દુર્ગમ પર્વતીય વિસ્તારમાં ચીની સેનાના નાપાક ઈરાદાઓ ફરી એક વખત સામે આવ્યા છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના સૈનિકોએ ભારતીય માલધારીઓએ રોકવાનો પ્રયાસ કર્યો હતો. ચીન સેના પર નિઃશસ્ત્ર ભારતીય માલધારીઓએ હિંમત બતાવી અને સશસ્ત્ર ચીની સેનાના સૈનિકો સાથે લડ્યા હતા. જણાવી દઈએ કે, ભારતીય માલધારીઓએ ચીની સેનાના બખ્તરબંધ વાહનો પર પથ્થરમારો કર્યો હતો. ચીની સેનાના સૈનિકો અને ભારતીય માલધારીઓએ વચ્ચેની અથડામણનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે ચીન દ્વારા ઉશ્કેરણીજનક કાર્યવાહી કરવામાં આવી હોય. આ પહેલા પણ ચીન દ્વારા લદ્દાખ ક્ષેત્રમાં આવા જ અનેક કાંડ કરવામાં આવી ચુક્યા છે. મળતી માહિતી મુજબ, પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીની સૈનિકોની નાપાક ગતિવિધિઓ સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતીય માલધારીઓને ચીની સૈનિકોએ પશુઓને ગોચરમાં લઈ જતા અટકાવ્યા હતા.

# મોબાઈલ પર આવતા સસ્તી લોનના મેસેજ તદ્દન ખોટા છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

તમારા ફોનમાં કોઈ આ પ્રકારનો મેસેજ આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, સરકારની એક નવી સ્કીમ હેઠળ સસ્તામાં લોન આપવામાં આવી રહી છે. આ મેસેજમાં એવું કહેવામાં આવ્યું છે કે, તમે માત્ર આધાર કાર્ડનો ઉપયોગ કરીને લોન લઈ શકો છો. પ્રધાનમંત્રી યોજના આધારકાર્ડ લોન ૨% વ્યાજ, ૫૦ % ટકા માફ, કોલ ૮૫૯૫૩૧૧૯૫૫નો મેસેજ આવે છે. પીઆઈબી ફેક્ટ ચેક દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહેવામાં આવ્યું છે કે, લોન વિશે જે મેસેજ ફરી રહ્યો છે તે બિલકુલ ખોટો છે. સરકાર તરફથી આધારકાર્ડ પર લોન આપવાની કોઈ સ્કીમ ચલાવવામાં આવતી નથી. પોસ્ટમાં જે લખેલું છે તે એક ફેક મેસેજ છે. જેમા સરકારની સ્કીમ હેઠળ આધાર કાર્ડ દ્વારા વાર્ષિક માત્ર ૨ ટકાના દરે લોન આપવામાં આવશે. આવા ફેક મેસેજોને આગળ ફોરવર્ડ ન કરશો. આ તમારી પ્રસનલ માહિતી મેળવીને ઠગો તમારી સાથે કોઈ છેતરપિંડી કરી શકે છે. એટલે સાવધાન રહો અને આવા કોઈ પણ મેસેજ આવે તો પહેલા બરોબર ચેક કરો. પીઆઈબી ફેક્ટ ચેકમાં ચેતવણી આપવામાં આવી છે કે, જે લોકોને આ પ્રકારનો મેસેજ મળી રહ્યો છે તે એક ફેક છે.

### ડો. રેડ્ડીઝ લેબ્સના શેરમાં પાંચ ટકાનો ઉછાળો

# સેન્સેક્સમાં ૬૧૨, નિફ્ટીમાં ૨૦૩ પોઈન્ટનો ઊછાળો

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

બુધવારે શેરબજારનો કારોબાર ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો હતો. બીએસઈસેન્સેક્સ ૬૧૨ પોઈન્ટના ઉછાળા સાથે ૭૧૭૫૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૭૨૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે શેરબજારમાં ડૉ. રેડ્ડીઝ લેબ્સના શેરમાં પાંચ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે



આઈશર મોટર, સન ફાર્મા અને ટાટા મોટર્સના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા. લાર્સન એન્ડ ટુબ્રો, ટાઈટન, બીપીસીએલ અને ટાટા કન્ઝ્યુમરના શેર શેરબજારમાં ટોપ લુઝર્સમાં છે. દેશની સૌથી મોટી પેસેન્જર વાહન કંપની મારુતિ સુઝુકીએ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. મારુતિ સુઝુકી કંપનીનો કોન્સોલિડેટેડ નફો ૩૩ ટકા વધીને રૂ. ૩૨૬૦ કરોડ થયો છે જ્યારે આવક ૧૫ ટકા વધીને રૂ. ૩૩ ૫૧૨ કરોડ થઈ છે.

પીએનબીનો શેર ટૂંક સમયમાં રૂ. ૧૪૭નો લક્ષ્યાંક, વિકાસ બગડિયા સટ્ટો લગાવવાની સલાહ આપી રહ્યા છે, રૂ. ૯૦નો સ્ટોપ લોસ સેટ કરો!

# ટીપુ સુલ્તાનન પ્રતિમા પર ચપ્પલની માળા પહેરાવાતા લોકો રસ્તા પર ઊતર્યા

। (એજન્સી) મૈસુર, તા.૩૧ ।

કર્ણાટકના રાયચૂર જિલ્લામાં ટીપુ સુલતાનના ફોટો પર ચપ્પલની માળા મળી આવતા તંગદિલી સર્જાઈ છે. સિરવાર શહેરમાં મૈસુરના પૂર્વ શાસનની મૂર્તિનું અપમાન કરવા મુદ્દે લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. રોષે ભરાયેલા લોકોએ સૂત્રોચ્ચાર સાથે હાઈવે પણ ચક્કાજામ કરી રોડ પર ટાયરો સળગાવ્યા છે. હાલ ભારે તંગદિલી ફેલાતા પોલીસનો કાફલો દોડી આવ્યો છે અને બળપ્રયોગ કરી લોકોને ખડેદવાનો પ્રયાસ કરી રહી છે. લોકો તોફાની તત્વોની ધરપકડની માંગ કરી રહ્યા છે. પોલીસે જણાવ્યું કે, 'બુધવારે સવારે કેટલાક તોફાની તત્વોએ ટીપુ સુલતાનની પ્રતિમા પર ચપ્પલોની માળા પહેરાવી હતી. સવારે લોકોએ મૂર્તિ પર ચપ્પલની માળા જોઈ અને વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર નાખ્યો હતો.' વીડિયો વાયરલ થયા બાદ મોટીસંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થવા લાગ્યા છે. ઘણા સંગઠનના લોકો અને આસપાસના ગ્રામજનો પણ પહોંચ્યા છે. લોકોએ ઘટનાની નિંદા કરવા ઉપરાંત તોફાનીઓની ધરપકડ કરવાની માંગ કરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

રોષે ભરાયેલા લોકો આરોપીઓની તરત ધરપકડ કરવા માંગ કરી રહ્યા છે. લોકો પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરતા કરતા હાઈવે સુધી પહોંચી ગયા અને રસ્તો જામ કરી દીધો. આ ઉપરાંત તોડફોડ પણ કરી અને ટાયર સળગાવી વિરોધ કર્યો.

## તંત્રી લેખ...

# દેશની પ્રગતિ માટે પોસાય તેવી દવાઓ ખૂબ જ મહત્વપૂર્ણ

દિન પ્રતિદિન દવાઓના ભાવમાં વધારો થતાં લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે. મોદી સરકારે પહેલાથી જ સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો ખોલ્યા છે. તેમ છતાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ વખતે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ વચગાળાના બજેટમાં લોકોને ઘણી અને ખાસ કરીને જીવનરક્ષક સસ્તી દવાઓની ભેટ આપશે. ખરેખર તો આ વખતે વચગાળાનું બજેટ રજૂ કરવાનું છે. આવી સ્થિતિમાં, સરકાર મોટી જાહેરાતો કરવાથી બચવા માગે છે, પરંતુ દવાઓ સામાન્ય માણસ સાથે સંબંધિત છે. આવી સ્થિતિમાં સરકાર ચૂંટણી પહેલા લોકોને સસ્તી દવાઓ આપીને રાહત આપી શકે છે. દેશમાં સ્વાસ્થ્ય સંભાળની કિંમત ઓછી રાખવા માટે સરકાર બજેટમાં તેના સ્વાસ્થ્ય સંભાળ ખર્ચમાં વધારો કરી શકે છે. સરકાર હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને રિસર્ચ અને ઈનોવેશન સુધીની દરેક વસ્તુ માટે ફંડની જોગવાઈ કરી શકે છે. આ સિવાય સરકાર સસ્તી દવાઓના સ્ટોર વધારવા, જેનરિક દવાઓને પ્રોત્સાહન આપવા અને સ્વાસ્થ્ય ઉત્પાદનોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર પણ ધ્યાન આપી શકે છે. દેશની પ્રગતિ માટે પોસાય તેવી દવાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો દવાઓ સસ્તી થશે તો સામાન્ય લોકો પાસે અન્ય ખર્ચ માટે પૈસા બચશે. એક હોસ્પિટલ્સના COO ડો.ગાયત્રી કામાઈનેની કહે છે કે સરકાર દવાઓ પર જીએસટી ઘટાડીને રાહત આપી શકે છે. તે જ સમયે, ફાર્માસ્યુટિકલ કંપનીઓને જેનરિક દવાઓ બનાવવા માટે ટેક્સમાં છૂટ જેવી સુવિધાઓ આપવામાં આવી શકે છે. બીજી તરફ દેશમાં મેડિકલ સાધનો અને ઉપકરણોને સસ્તા બનાવવા પર પણ સરકારે ધ્યાન આપવું પડશે. આ માટે સરકાર મેડિકલ પાર્ક પણ વિકસાવી રહી છે. ત્રિવિટ્રોન હેલ્થકેરના ગ્રૂપ સીઈઓ ચંદ્ર ગંજુનું પણ કહેવું છે કે આ વખતે સરકાર મેડિકલ ઈક્વિપમેન્ટ અને ટેક્નિકલ પ્રોડક્ટ્સની આયાત ઘટાડવા પર ધ્યાન આપી શકે છે. હાલમાં દેશમાં આવા ઉત્પાદનોમાંથી ૮૦ થી ૮૫ ટકા આયાત કરવામાં આવે છે. તેનું આયાત બિલ લગભગ ૬૩,૨૦૦ કરોડ રૂપિયા છે.

# મૈત્રીનો ભાવ એટલે કે હૃદયમાં સૌની માટે ઉંચી સદભાવના રાખવી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સમાજમાં ઠેરઠેર ચર્ચા ચાલે છે કે દરેક વર્ણ અને વર્ગ જો આમ કરે તો તરત જ રામરાજય આવે! પણ એમ કંઈ થવાનું નથી, કારણ કે રામરાજ્યની પ્રથમ શરત છે કે જ્યાં પ્રત્યેક નર નારી પરસ્પર પ્રીત કરે ! એટલે કે એકબીજાં પ્રત્યે મૈત્રીનો ભાવ રાખે. મૈત્રી નો સીધોસાદો અર્થ કરીએ તો મૈત્રી એટલે સામેવાળા પ્રત્યે સદભાવ!

તો આપણાથી જેટલો મૈત્રીનો ભાવ રાખી શકાય એટલો રાખીએ, અથવા ઈશ્વર દરેકને મૈત્રી રાખી શકે એ માટે સદબુદ્ધિ આપે એવી ઈશ્વરને પ્રાર્થના કરી શકીએ. આપણે જ્યારે જ્યારે પ્રાર્થના વિશે વાત કરી ત્યારે કહ્યું કે પ્રાર્થના એટલે શું? તો જેમાં જીવન વિશે કોઈ માંગણી નથી, કોઈ ફરિયાદ નથી, કોઈ પ્રશ્ન નથી, પરંતુ જીવનને બહેતર બનાવવા માટે એટલે કે મનુષ્ય તરીકે જન્મ મળ્યો છે, તો તેને સફળ બનાવવા માટે આધ્યાત્મિક ભાવની માંગણી અથવા તો આધ્યાત્મિક ચાહતને પ્રાર્થના નામ આપી શકાય. ટૂંકમાં કહીએ તો હૃદયના ભાવમાં પવિત્ર પ્રેમની સ્થાપના થાય, અને સંવેદનાનો અનુભવ થાય એવી પ્રાર્થના હોવી જોઈએ. એકધારી નીરસ અને કર્તવ્ય કર્મ ભરેલી જીંદગી બોજારૂપ લાગતી હોય, ત્યારે સામાન્ય રીતે જીવન ફરિયાદ જેવું લાગે પરંતુ અન્યને કારણે આપણું જીવન જેટલું જટિલ નથી હોતું, એટલું આપણા કારણે જ હોય છે, એ વાત જેટલી ઝડપથી સમજાય, તેટલી ઝડપથી વ્યક્તિને ક્યાં સુધારો કરવો અને કઈ રીતે જીવવું તેને વિશેનું જ્ઞાન પ્રાપ્ત થતું હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ અંતઃકરણ ચતુષ્કોણને કારણે માનવી સારું, નરસું જીવન જીવતો હોય છે, અને તે પ્રમાણે તેની વૈચારિકતા નક્કી થતી હોય છે. તો ક્યારેક સારું-નરસું જીવવા માટે સંજોગો પણ જવાબદાર હોય છે. પરંતુ આ બધાથી છૂટવું હોય તો જીવન બહેતર બનાવવા માટે પ્રાર્થના જેવો એક પણ સરળ ઉપાય નથી.

પ્રાર્થનામાં ખૂબ જ તાકાત છે,વિદેશમાં કોઈ સ્વજન બીમાર હોય અને અહીંયા બેઠા બેઠા પણ જો તેની માટે પ્રાર્થના કરવામાં આવે, તો તેને સારું થયાના દાખલા પણ આપણે જોયા છે. પ્રાર્થના માટેની એક જ લાયકાત છે, અને તે છે ભાવ શુદ્ધી અથવા તો હૃદયની નિર્મળતા, અને આવી જ એક હૃદયને નિર્મળ બનાવનારી પ્રાર્થના આપણે સૌએ શાળાના સમયમાં વર્ગ ખંડમાં ગાયેલી છે, ચિત્રભાનુ મહારાજની એ પ્રાર્થના સૌકોઈ એ ગાઈ જ હોય! વિશે આજે આપણે વાત કરીશું.

**"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું "**

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું**
**એવી ભાવના નિત્ય રહે**
**ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું**
**નૃત્ય કરે**
**આ સંતોના ચરણ કમલમાં મુજ**
**જીવનનું અર્ઘ્ય રહે**
**દીન ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે**
**કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભોત વહે**
**માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ**
**ચીંધવા ઊભો રહું**
**કરે ઉપેક્ષા એ મારગની તો પણ**
**સમતા ચિત્ત ધરું**
**મૈત્ર્યાદિ આ ચાર ભાવના હૈયે**
**ગુણીજન જે લાવે,**
**વેરઝેરના પાપ ત્યજીને મંગલ ગીતો એ ગાવે**

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. જૈન ધર્મના બહુ મોટા ઉપાસક અને વિદેશ સુધી જૈન ધર્મનો પ્રચાર કરવાવાળા, અથવા વિદેશમાં જૈન ધર્મની સ્થાપના કરાવનાર, ચિત્રભાનુ મહારાજની આ રચના છે, અને લગભગ બધા જ તેને વિશે જાણે છે. તેને ગાવાથી પણ ખૂબ જ સારા ભાવ મહેસૂસ થાય છે, તો કવિની આ રચના, શબ્દાનુભૂતિની પ રાકાષ્ઠાએ રહી હશે.

હિન્દુ, જૈન, મુસ્લિમ, શીખ, ઈસાઈ, એ બધા જ ધર્મ ખૂબ જ મહાન છે, અને દરેકે દરેક માનવતા જ શીખવાડે છે. પરંતુ વણિક અને એમાં પણ જૈન ધર્મ એક એવો ધર્મ છે, જેમાં માનવતાની સાથે-સાથે અહિંસાને પણ બહુ મોટા ગુણ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને આપણે બધા જ જાણીએ છીએ, કે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી પણ વણિક હોવાથી, તેમણે અહિંસાની લડત આપી અને આપણને સ્વરાજ્ય અપાવ્યું છે. ચિત્રભાનુ મહારાજે બહુ નાની ઉંમરમાં જૈન દીક્ષા ગ્રહણ કરી હતી, અને ખૂબ આકરી તપસ્યા કરી, અને ધર્મના મર્મ સુધી તેઓ પહોંચ્યા હતા. એક વાત તો બહુ સ્પષ્ટ છે કે જીવનમાં વિશેષ કર્મ કરવું, એ દરેકના બસની વાત નથી.

પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ તો અહીં સૌ કરતાં હોય છે, અને આમ જુવો તો જીવ સૃષ્ટીનો દરેક જીવ તે કરે છે, એમ પણ કહી શકીએ. પરંતુ માનવીની ઘણી લાક્ષણિકતાઓ છે, અને ઈશ્વરે પણ માનવ તરીકે જન્મ આપ્યો છે તો આપણે કંઈક કરવું ઘટે, કદાચ ન થાય તો જેણે કર્યું હોય તેને વંદન કરીએ તો પણ જીવન સુધરી જાય છે. તો આપણે આજે ચિત્રભાનુ મહારાજની રચના ગાઈને ભાવ ને શુદ્ધ કરી શકીએ છીએ. હૈયામાં મૈત્રીનું ઝરણું વહાવી શકીએ છીએ, એટલી એ શબ્દોની તાકાત છે. શાસ્ત્ર શસ્ત્ર કરતાં પણ વધુ ધારદાર અને અસરકારકતા સાબિત થાય છે. સ્વયં ઈશ્વરની મરજી હોય, તો જ આ બધું શક્ય છે. માટે આવા દરેક વંદનીય મહાપુરુષનું જ્યારે જ્યારે સ્મરણ થાય ત્યારે, તેની એ કક્ષાને વંદન કરી લેવાથી પણ જીવન સરળ બને છે. હે ઈશ્વર હૃદયમાં મિત્રતાના ભાવ બનાવી રાખજે, અથવા તો સંવેદના નું ઝરણું વહેતુ રહે એવું કરજો.

જેથી કરીને સકલ વિશ્વ માટે મંગલ ભાવના બની રહે, પુરા વિશ્વમાં કોઈ પારકું ન હોવાનો ભાવ થાય, એટલે કે વસુધૈવ કુટુંબની ભાવના અંતરમાં વહે ત્યારે જ આપણે બીજાનું પણ શુભ વિચારી શકીએ છીએ.અહમ ને ભૂલીને અન્યના ગુણ દર્શન કરી શકું એવી દ્રષ્ટિ આપ જો, તથા એવી વ્યક્તિ દેખાય તો હૈયું નૃત્ય કરે, અથવા રાજી થઈ જાય, એવા ગુરુજનો અથવા તો ગુણવાન વ્યક્તિના ચરણમાં બેસી જીવન પસાર થાય. સમાજમાં દિન, હિંસક, એટલે કે ક્રૂર અને ધર્મ હીન બની જીવનારા લોકોને જોઈને, દિલમાં દર્દ થાયને આંખ માંથી એના પ્રત્યે કરુણા વહે. જીવનના માર્ગ એટલે કે સચ્ચાઈ ને ઈમાનદારીની રાહ પરથી જે ભટકી ગયા હોય તેને સચ્ચાઈની રાહ દેખાડવા ધૈર્ય પૂર્વક ઉભો રહું, ઉપેક્ષા કરે તોય ચિત્ત માં સમભાવ રાખી શકું.

મૈત્રીના ચારેય ગુણ હૈયામાં ધરી ગુણીજનની જેમ વેરઝેર ના ભાવ ત્યજી ને વિશ્વ મંગલના ગીત ગાઉં. આપણે સૌ પણ બાળક બની અને આ પ્રાર્થના નું ગાન કરીને કવિ ની હૃદયતમ ઈચ્છા પ્રમાણે હૈયામાં મૈત્રી ના આ ભાવ ભરી જીવીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# પૂજ્ય શ્રી મોરારિ બાપુ અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ૩૫ શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડ એનાયત

**શિક્ષાનો મૂળ મંત્ર ગ્રામ્ય જીવનશૈલીમાંથી સત્ય, પ્રેમ અને કરુણા આવે છે : શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા**







। (માહિતી) ભાવનગર ।

મહુવાના તલગાજરડા ખાતે પૂજ્યશ્રી મોરારિ બાપુ અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં રાજ્યના ૩૫ શ્રેષ્ઠ શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

પૂજ્યશ્રી મોરારિ બાપુ એ જણાવ્યું હતું કે આપણા પાઠ્યક્રમ સાથે જ માનવીય અને સંવેદનના પાઠ ઉમેરવા શીખ આપી અને સરકાર દ્વારા શિક્ષણ માટેની થઈ રહેલી પ્રક્રિયા પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યો. શ્રી મોરારિબાપુએ માનવ શરીર સાથે પાંચ વિષયો પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિના રૂપકો સાથે આ શરીરને પાઠ્યપુસ્તક સમજી અભ્યાસ કરવા શીખ આપી.

રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા એ જણાવ્યું હતું કે આજે રાજ્યના શ્રેષ્ઠ ગુરુજનોનું સન્માન થયું છે ત્યારે શિક્ષાનો મૂળ મંત્ર ગ્રામ્ય જીવનશૈલીમાંથી સત્ય, પ્રેમ અને કરુણા આવે છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું એવું કહેવાય છે કે શિક્ષક કભી સાધારણ નહિ હોતા ત્યારે શિક્ષકો દ્વારા અપાતા શિક્ષણથી શાળા અને ગામમાં આમૂલ પરિવર્તન લાવી કાયાપલટ કરી શકે એવી તાકાત ધરાવે છે.

પૂજ્ય શ્રી મોરારિ બાપુ અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે મહુવાના તલગાજરડા ખાતે ચિત્રકૂટધામ કન્યા શાળાનું લોકાર્પણ સાથે જૂની શાળાને સ્મારક તરીકે અર્પણ કરી કેન્દ્રવર્તી શાળાના ૧૦ રૂમ બાંધકામ માટેનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

આ તકે શ્રી સીતારામ બાપુ, ધારાસભ્યશ્રી શિવાભાઈ ગોહિલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કમલેશભાઈ પટેલ, આગેવાનશ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી સતીષભાઈ પટેલ સહિતના આગેવાનો, શિક્ષકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


# અતિશય પાપી, અતિકામી, પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

જપ વિધિમાં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈનું ખાવું નહીં.કેવળ વાંચવાથી જ્ઞાન નો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્રમાં લખ્યું નથી. પણ ભાગવતભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું. પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે.મીરાંબાઈ જે બોલે તેનીપાછળ શાસ્ત્ર દોડે છે.તેર કરોડજપ કરવા થી જપ અને ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.અધિકારી ગુરૂ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી મંત્ર થી દિવ્યશક્તિ આવે છે. કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવ વા મુશ્કેલ છે. દુઃખ શરીર ને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું- સમજવું સહેલું છે.પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે, ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે. કથા જીવનમાં પાર્ગ બતાવે છે.

કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ, નામસ્મરણથી જ થાય છે.રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી. રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી રામનામે કંઈક અનેકોને તાર્યા છે. નામ અને જપનો મહિમા અનેરો છે. તુલસી દાસજી કહે છે કે, વિષયરૂપી નાગ ને વશ કરનારો મણિ છે. નામથી તો વિધાતાએ લલાટે લખેલો લેખ પણ ફરી જાય છે.નામ જપથી દશે દિશાઓ મંગલમય બની જાય છે. જપ તો જનાબાઈએ કર્યો. જનાબાઈ છાણાં થાપે. કોઈ ચોરી કરી જાય. જનાબાઈએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી. નામદેવે કહ્યું, છાણાં બધાં સરખાં. તારાં છાણાં ઓળખાય કેમ? ચોર પકડાય કેમ? જનાબાઈએ કહ્યું કે, ન કેમ ઓળખાય? મારાં છાણાં ઓળખી શકાશે. મારું છાણું કાન પાસે ધરશો તો તેમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ એવો ધ્વનિ સંભળાશે. જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલ નામનો જપ કરતાં જાય અને છાણાં થાપતાં જાય. એટલે કહે છે કે, છાણામાંથી જપનો ધ્વનિ નીકળશે. નામદેવે ખાતરી કરી જોઈ.



છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વનિ આવતો સંભળાયો. તેમણે જનાબાઈને કહ્યું કે, નામદેવ હું નહીં, પણ તું છે.જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલ નામના જપમાં એવાં તલ્લીન બનતાં કે,જડ છાણામાંથી જપનો ધ્વનિ નીકળતો. રામ નામ થી પથ્થર તરે એક વખત રામચંદ્રજીને કુતુહલ થયું કે મારા નામથી પથ્થરો તરેલા અને વાનરોએ સમુદ્ર ઉપર સેતુ બાંધેલો.તો મારા હાથના અડકવાથી પથ્થરો તરે છે કે નહીં તેની આજે ખાતરી કરું. તેઓ કોઈ ન દેખે તેની રીતે સમુદ્રકિનારે આવ્યા. પછી રામચંદ્રજીએ પોતે પથ્થરો ઊંચકીને સમુદ્રમાં ફેંક્યા તો બધા પથ્થરો સમુદ્રમાં ડૂબી ગયા.

રામચંદ્રજીને આશ્ચર્ય થયું. આ કેમ બન્યું? મારું નામ માત્ર લખવાથી તો પથ્થરો તરેલા. હનુમાનજી આ કૌતુક છુપાઈને જોતા હતા. રામજી નિરાશ થઈ પાછા ફરતા હતા, ત્યાં હનુમાનજી મળ્યા. રામે હનુમાનજીને પૂછ્યું, મારા નામે સમુદ્રમાં પથ્થરો તર્યા અને મેં પોતે પથ્થરો ઊંચકી સમુદ્રમાં ફેંક્યા તો બધા ડૂબી ગયા. આમ કેમ? હનુમાનજી કહે, એમ જ હોય ને! એમાં શું અયોગ્ય છે? રામજી જેને ફેંકે એટલે તરછોડે તેને કોણ તારી શકે? રામજી જેને ફેકે-ત્યજે એ તો ડૂબી જ જાય. એ પથ્થરોને આપે ત્યજ્યા એટલે ડૂબી ગયા. રામજી જેને અપનાવે તે ડૂબે નહીં. જે પથ્થરો વડે સમુદ્ર ઉપર સેતુ બાંધેલો તે ઉપર શ્રીરામ લખવામાં આવતું એટલે તર્યા! તમારા નામમાં જેવી શક્તિ છે તેવી તમારા હાથમાં નથી. રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી. રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનો ઉદ્ધાર કર્યો. ત્યારપછી રામનામે કંઈક અનેકોને તાર્યા છે. આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો, પણ ભગવન્નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ. અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ. સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો. અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે.

ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે. કનક અને કાંતા એ માયાના રૂપો છે. એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે, અને મનથી પાપ કરશો તો તેની પણ સજા થાય છે. કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ હતો. એ અનેક પ્રકારનાં પાપો કરી ગુજરાન ચલાવતો. જો કે પહેલાં તો મંત્રવેત્તા, પવિત્ર અને સદાચારી હતો. પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું. પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડ્યું એનું જીવન બગડ્યું. એનું નામ બગડ્યું. રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે. માટે કામને આંખમાં આવવા દેશો નહીં. આંખમાં નહીં આવી શકે તો કામ મનમાં આવશે નહીં. "મુખ્ય શરીર થી નહીં, આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઈને આંખ "પવી નહીં. આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહીં. અજામિલ પેલી બાઈને પોતા ને કો લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ આવે છે તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યો ને પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે. એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા. તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું. દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્રે ના પાડી છે, પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા. તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ કહે છે, તારા ઘરેથી ભોજન મળ્યું, પણ દક્ષિણા મળી નહીં!

અજામિલ કહે, હું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કોઈ સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું. સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ. એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું! અજામિલને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી. અતિશય પાપી, અતિકામી, પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું, તેમ છતાં યમદૂતો લેવા આવ્યા. અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો. પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો, નારાયણ, નારાયણ. છેલ્લા સંતાનમાં મા-બાપનું મન વિશેષ ફસાય છે.

રોજની આદત પ્રમાણે અજામિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો. તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં, પણ વિષ્ણુદૂતો આવ્યા. વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો.એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે.તેનાં થોડાં પાપ બળી ગયાં છે.હવે તેને જીવવા દ્યો. તેના આયુષ્યના બાર વર્ષ હજુ બાકી છે. યમદૂતો કહે છે કે, અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો. ત્યારે વિષ્ણુદૂતો કહે છે,અજાણ તાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પણ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે. તે પ્રમાણે અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફુળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે. અજામિલ ભલે પોતાના પુત્રને ઉદ્દેશીને નારાયણ નારાયણ બોલ્યો પણ એ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને ગમે તેવો દોરા ચાલીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે.

# ઉચ્છલ તાલુકાની વિવિધ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો



। (માહિતિ) તાપી ।

ઉચ્છલ તાલુકાની વિવિધ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો - આપત્તિના સમયે પોતાનો અને બીજા લોકોનો જીવ કેવી રીતે બચાવી શકાય તે અંગે બાળકોએ શીખ મેળવી - સમગ્ર રાજ્યમાં શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે તાપી જિલ્લાના છેવાડે આવેલા ઉચ્છલ તાલુકાની વિવિધ શાળાઓમા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ટોકરવા નેસુ અને કાટીસકુવા પ્રાથમિક શાળા,નારણપુરા મુખ્ય શાળા, કરોડ પ્રાથમિક શાળા ખાતે આગ, પુર,ભુકંપ,જેવી આપત્તિના સમયે કેવી રીતે પોતાનો અને બીજા લોકોનો જીવ બચાવી શકાય તે માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર અને સોનગઢ નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ દ્વારા મેગા ઈવેન્ટ ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફાયર વિભાગ દ્વારા તમામ શાળાઓમાં બાળકો,શિક્ષકો અને વાલીઓને આગ,પુર જેવી ઘટના બને ત્યારે કેવી રીતે એકબીજાને મદદરૂપ બનવુ તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ બચાવ કામગીરીના સંસાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે બાકોળોને લાઈવ ડેમોટ્રેશન બતાવવામાં આવ્યું હતુ.



### ફેન્સે કહ્યું- એક નેશનલ એવોર્ડ પાક્કો

# અભિનેતા અલ્લુ અર્જુનનો સાડીમાં લુક લીક થયો

## પુષ્પા ૨ ફિલ્મનો અલ્લુ અર્જુનનો નવો લુક લીક થઈ ગયો છે, આ લુકમાં તે સાડી પહેરેલી જોવા મળી રહી છે

વર્ષ ૨૦૨૧માં રિલીઝ થયેલી અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પાએ દુનિયાભરમાં સાઉથનો ક્રેઝ બમણો કરી દીધો હતો. આ ફિલ્મમાં એક્ટર લીડ રોલમાં જોવા મળ્યો હતો અને રશ્મિકા મંદાના તેની સામે શ્રીવલ્લીના રોલમાં જોવા મળી હતી. આ ફિલ્મ ફેન્સને ઘણી પસંદ આવી હતી. હવે આ ફિલ્મની સિક્વલને લઈને ઘણી ચર્ચા ચાલી રહી છે. હાલમાં જ ફિલ્મમાંથી અલ્લુ અર્જુનનો નવો લુક સામે આવ્યો છે. આ લુકમાં તે સાડી પહેરેલી જોવા મળી રહી છે. તેનો આ લુક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ પણ તેના પર રિએક્શન આપતા જોવા મળી રહ્યા છે. ફોટો વિશે વાત કરીએ તો એવું લાગે છે કે આ તસવીર પુષ્પા ૨ ધ રૂલના સેટ પરથી લેવામાં આવી છે. ફોટોમાં અલ્લુ અર્જુન સાડી પહેરેલો જોવા મળી રહ્યો છે. તે બેઠો છે અને રિલેક્સ મોડમાં જોવા મળી છે. ફોટો થોડો બ્લર છે. તેને જોઈને લાગે છે કે તેણે ઓરેન્જ કલરનું બ્લાઉઝ અને બ્લુ કલરની સાડી પહેરી છે. અલ્લુ અર્જુનના આ લુક પર ફેન્સ ઘણી પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું છે કે બીજો નેશનલ એવોર્ડ પાક્કો. અન્ય એક યુઝરે લખ્યુંસ છે કે મને આ એક્ટર માટે રિસ્પેક્ટ છે. આ સિવાય ફેન્સ આ ફોટો પર ફાયર ઈમોજીસ પણ શેર કરતા જોવા મળે છે. તમને જણાવી દઈએ કે ફિલ્મના સેટ પરથી ફોટો લીક થવાનો મામલો નવો નથી. આ પહેલા વર્ષ ૨૦૨૧માં પણ આવો જ એક ફોટો સોશિયલ મીડિયા પર લીક થયો હતો. ફિલ્મના મેકર્સ આ લીકથી ખુશ ન હતા અને સ્ટ્રિક્ટ વોર્નિંગ પણ આપી હતી. તેમજ ફિલ્મના સેટ પર કોઈપણ બહારના વ્યક્તિની એન્ટ્રી બંધ કરી દીધી હતી. હવે જોવાનું એ રહે છે કે સેટ પરથી આ ફોટો લીક થવા પર મેકર્સ કેવી પ્રતિક્રિયા આપે છે. આ સિવાય ફિલ્મના બીજા પાર્ટની સ્ટોરી પહેલા પાર્ટ કરતા વધુ ઈમ્પેક્ટફુલ માનવામાં આવી રહી છે. ફિલ્મના પહેલા પાર્ટનું નામ પુષ્પા ધ રાઈઝ હતું. હવે તેના બીજા પાર્ટનું નામ પુષ્પા ધ રૂલ હતું. મતલબ છે કે પહેલા પાર્ટ સ્ટોરીની આગળની સ્ટોરી બતાવવામાં આવશે. આ ફિલ્મ વર્ષ ૨૦૨૪ ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક છે.

### પ્રીતિ ઝિન્ટા ખૂબ જ સુંદર અને આલીશાન ઘરમાં રહે છે

# પ્રીતિ ઝિન્ટાએ પોતાનો ૪૯મો જન્મદિવસ ઉજવ્યો

## પોતાના લિવિંગ રૂમને ક્લાસી બનાવવા માટે પ્રીતિ ઝિંટાએ તેની તમામ દિવાલો પર વ્હાઈટ કલરથી પેન્ટ કરાવ્યું છે



ચુલબુલા હાસ્ય સાથે બોલિવૂડની ડિમ્પલ ગર્લ પ્રીતિ ઝિન્ટા એક્ટિંગ જગતમાં જાણીતું નામ છે. ફિલ્મ ‘દિલ સે’થી પોતાના કરિયરની શરૂઆત કરનારી પ્રીતિ ઝિન્ટાએ બોલિવૂડમાં ‘દિલ ચાહતા હૈ’, ‘કલ હો ના હો’, ‘વીર ઝારા’, ‘કભી અલવિદા ના કહેના’ જેવી ઘણી યાદગાર ફિલ્મો આપી છે. અભિનેત્રી લાંબા સમયથી ફિલ્મોથી દૂર હોવા છતાં તે સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે જોડાયેલી રહે છે. આ દિવસોમાં પ્રીતિ ઝિન્ટા તેના પતિ જીન ગુડનફ સાથે લોસ એન્જલસમાં એક આલીશાન મકાનમાં રહે છે, જ્યાં તે ઘણીવાર સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરતી રહે છે. તસવીરોમાં તમે જોઈ શકો છો કે પ્રીતિ ઝિન્ટાએ પોતાના ઘરને ખૂબ જ સુંદર રીતે સજાવ્યું છે. તેના જન્મદિવસના ખાસ અવસર પર ચાલો અમે તમને અભિનેત્રીની હોમ ટૂર પર લઈ જઈએ. આ પ્રીતિ ઝિન્ટાના ઘરનો લિવિંગ રૂમ છે, જે ઘણો મોટો અને લક્ઝુરિયસ છે. પોતાના લિવિંગ રૂમને ક્લાસી બનાવવા માટે પ્રીતિ ઝિંટાએ તેની તમામ દિવાલો પર વ્હાઈટ કલરથી પેન્ટ કરાવ્યું છે. પ્રીતિ ઝિન્ટાનું રસોડું પણ એકદમ લક્ઝુરિયસ અને મોટું છે. અભિનેત્રી અવાર-નવાર તેના રસોડાની તસવીરો ફેન્સ સાથે શેર કરતી રહે છે. પ્રીતિ ઝિંટાએ પોતાના ઘરના રસોડા માટે સફેદ રંગ પસંદ કર્યો છે.

# સિરીઝ સ્કેમ ૧૯૯૨ અભિનેતા પ્રતિક ગાંધીની પત્ની પણ છે સ્ટાર

## જુલાઈ ૨૦૨૨માં, દિગ્દર્શક હંસલ મહેતાએ મહાત્મા ગાંધી પર બાયોગ્રાફિકલ વેબ સિરીઝની જાહેરાત કરી હતી

પ્રતિક ગાંધી એક ગુજરાતી અભિનેતા છે. તેઓ ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતી સિનેમામાં તેમના કામ માટે જાણીતા છે. સિરીઝ સ્કેમ ૧૯૯૨ માં હર્ષદ મહેતાની ભૂમિકા ભજવવા માટે તેમણે બહોળી પ્રશંસા મેળવી હતી અને ફિલ્મફેર OTT એવોર્ડ પણ જીત્યો હતો. ત્યારબાદ તેણે ઘણી હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો છે. ગાંધીનો જન્મ સુરતમાં ૨૮ એપ્રિલ ૧૯૮૦માં થયો છે. તેમના માતાપિતા શિક્ષક હતા. તેમણે સુરતની વી.ડી. દેસાઈ વાડીવાલા (ભુલકા ભવન) હાઈસ્કૂલમાં શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેઓ થિયેટર આર્ટ્સ સાથે સંકળાયેલા હતા. ભાઈનું નામ પુનીત ગાંધી છે. તેમજ બહેનનું નામ મેધના છે. ૨૦૦૪માં મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવમાંથી એન્જિનિયરિંગમાં સ્નાતક થયા. ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી, તેમણે સતારા અને પુણેમાં નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ સાથે કામ કર્યું. બાદમાં તેમણે જાન્યુઆરી ૨૦૦૮થી મુંબઈમાં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (સિમેન્ટ વિભાગ) માં ૨૦૧૬ સુધી કામ કર્યું હતુ. ગાંધીજીના માતા-પિતા શિક્ષક છે. તેણે ૨૦૦૯માં અભિનેત્રી ભામિની ઓઝા સાથે લગ્ન કર્યા અને તેમની પુત્રી મીરાયાનો જન્મ ૨૦૧૪ માં થયો હતો. પ્રતિક ગાંધીનો પરિવાર સાથે રહે છે અને ખુબ ખુશ પણ છે. જુલાઈ ૨૦૨૨માં, દિગ્દર્શક હંસલ મહેતાએ મહાત્મા ગાંધી પર બાયોગ્રાફિકલ વેબ સિરીઝની જાહેરાત કરી હતી જેમાં પ્રતીક ગાંધી મુખ્ય ભૂમિકામાં હતા.પ્રતિક ગાંધી ગુજરાતી ફિલ્મ અને વેબ સિરીઝમાં પણ સારી એવી ભૂમિકા ભજવી હતી. ૨૦૧૪ બે યાર, ૨૦૧૬ રોંગ સાઈડ રાજુ, ૨૦૧૭ તમ્બૂરો, ૨૦૧૮ લવની ભવાઈ, ૨૦૧૮ વેન્ટિલેટર ,૨૦૧૯ ધુનકી, ગુજરાત ૧૧, ૨૦૨૨ લવની લવ સ્ટોરીસ્, ૨૦૨૧ વેબ સિરીઝ વિઠ્ઠલ તીડીમાં પણ જોવા મળ્યો હતો. ગાંધી ૨૦૨૧ ની હિન્દી ફિલ્મ ભવાઈમાં દેખાયા હતા જ્યાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.તેમની હિન્દી ફિલ્મ અતિથિ ભૂતો ભવ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. ગુજરાતી ફિલ્મ વહેલામ જાવ ને (૨૦૨૨) તેની આગામી રિલીઝ હતી. તેણે હંસલ મહેતા દ્વારા દિગ્દર્શિત ૨૦૨૦ બાયોગ્રાફિકલ ડ્રામા વેબ સિરીઝ સ્કેમ ૧૯૯૨ માં સ્ટોક બ્રોકર હર્ષદ મહેતાની ભૂમિકા ભજવી હતી. હર્ષદ મહેતાનું પાત્ર ભજવવા માટે તેમણે બહોળી પ્રશંસા મેળવી છે. ગાંધીએ ગુજરાતી નાટક આ પાર કે પેલે પારમાં ભાગ મળ્યા હતા. તેણે ગુજરાતી ફિલ્મ બે યાર (૨૦૧૪)માં ભજવી હતી અને મેરે પિયા ગયે રંગૂન, હુ ચંદ્રકાંત નાટકોમાં ભૂમિકા ભજવી હતી.



# મલાઇકા સ્કર્ટ-ટોપ પહેરીને ચર્ચમાં પહોંચી

## મલાઇકા રેગ્યુલર જીમ અને યોગા કરે છે, ૫૦ વર્ષની ઉંમરમાં પણ અનેક એક્ટ્રેસને મલાઇકા ટક્કર આપે છે

બોલિવૂડ એક્ટ્રેસ મલાઈકા અરોરાની લેટેસ્ટ તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. મલાઇકા અરોરા હાલમાં મુંબઈની માઉન્ટ મેરી ચર્ચમાં પહોંચી હતી જ્યાં તસવીરો ક્લિક થઈ છે. મલાઇકા અરોરાએ સ્કર્ટ અને ટોપ પહેર્યો હતો. મલાઈકા આ સ્કર્ટ ટોપમાં એકદમ ગ્લેમરસ લાગી રહી હતી. આ તસવીરો હાલમાં વાયરલ થઈ રહી છે. સામાન્ય રીતે મલાઈકા અરોરા કોઈને કોઈ જગ્યાએ હંમેશા સ્પોટ થતી રહેતી હોય છે. ક્યારેક પાર્ટીમાં તો, ક્યારેક જીમની બહાર સ્પોટ થતી હોય છે. આ સાથે મલાઈકા પોતાના આગવા અંદાજથી લોકોને ખુશ અને ફિદા કરી દેતી હોય છે. આ સાથે મલાઈકાની હાલમાં આ લેટેસ્ટ તસવીરો વાયરલ થઈ રહી છે. જેમાં મુંબઈની માઉન્ટ મેરી ચર્ચમાં પહોંચી હતી. સામાન્ય રીતે મલાઈકા એના હોટ અંદાજને કારણે ફેમસ છે. મલાઈકા અરોરાને જોતાની સાથે પૈપરાઝીએ કેમેરામાં તસવીરો કેદ કરી લીધી છે. એક્ટ્રેસની આ તસવીરો સોશિયલમાં મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. મલાઈકાનો આ અંદાજ ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. મલાઈકા રેગ્યુલર જીમ અને યોગા કરે છે, ૫૦ વર્ષની ઉંમરમાં પણ અનેક એક્ટ્રેસને મલાઈકા ટક્કર આપે છે એક્ટ્રેસની આ તસવીરો ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ પણ કરી રહ્યા છે. મલાઈકાની આ તસવીર જોઈને એક ફેને કોમેન્ટમાં લખ્યુ છે કે આ ઉંમરમાં આટલી હસીન છે. ૫૦ વર્ષની મલાઈકા અરોરા પહેલાંથી જ એના ગ્લેમરસ અંદાજને કારણે જાણીતી છે. એક્ટ્રેસની ફિટનેસ અને ખૂબસુરતી ફેન્સનું દિલ જીતી લે એવી હોય છે. એક્ટ્રેસ પોતાની ફિટનેસ પર પ્રોપર રીતે ધ્યાન આપે છે. આ માટે મલાઈકા રેગ્યુલર જીમ અને યોગા કરે છે. ૫૦ વર્ષની ઉંમરમાં પણ અનેક એક્ટ્રેસને મલાઈકા ટક્કર આપે છે. મલાઈકા પોતાની હોટ અદાઓને કારણે અનેક વાર ટ્રોલ થતી હોય છે. જો કે મલાઈકા અરોરાને ટ્રોલિંગને લઈને કોઈ ખાસ ફરક પડતો નથી. મલાઈકા અરોરાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં ડાન્સિંગ રિયાલિટી શો ઝલક દિખલા જા ૧૧માં જજ છે. મલાઈકા અરોરાની સેટની તસવીરો હંમેશા સામે આવે છે. મલાઈકા અરોરાની પર્સનલ લાઈફની વાત કરીએ તો એ અર્જૂન કપૂરને ડેટ કરી રહી છે. મલાઈકા અને અર્જૂન કપૂર હાલમાં એક સાથે સ્પોટ થયા હતા. મલાઈકા અને અર્જૂનની તસવીરો હંમેશા વાયરલ થતી રહેતી હોય છે. જેમાં મુંબઈની માઉન્ટ મેરી ચર્ચમાં પહોંચી હતી. સામાન્ય રીતે મલાઈકા એના હોટ અંદાજને કારણે ફેમસ છે.






# કોન્સર્ટ દરમિયાન માઈક ફેંકીને ગાયકે ફેન્સને ફટકાર્યો

## બિલાલ સઈદનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બિલાલ સઈદ દર્શકો પર માઈક ફેંકતો જોવા મળી રહ્યો છે

પાકિસ્તાની ગાયક બિલાલ સઈદના ગીતો ભારતમાં પણ સાંભળવા મળે છે. ગાયકનો અવાજ અને તેના ગીતો સાંભળનારા લોકોની કોઈ કમી નથી. પરંતુ આ દરમિયાન બિલાલ સઈદ વિવાદોમાં ફસાયેલા જોવા મળે છે. પોતાની એક હરકતને કારણે તે ચર્ચાનો હિસ્સો બની રહે છે. પાકિસ્તાન સિવાય બોલિવૂડ ફિલ્મો માટે પોતાનો અવાજ આપનારા પાકિસ્તાની ગાયક બિલાલ સઈદે માઈક ફેંકીને પોતાના ફેન્સને ઠપકો આપ્યો છે. જે બાદ દરેક જગ્યાએ તેની ચર્ચાઓ થઈ રહી છે. બિલાલ સઈદના સેંકડો ફેન્સ છે. જેઓ તેમની એક ઝલક મેળવવા અને તેમનો અવાજ સાંભળવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. તાજેતરમાં બિલાલ સઈદે પાકિસ્તાનમાં પંજાબ ગ્રુપ ઑફ કૉલેજ યુથ મ્યુઝિકલ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે લાઈવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યું હતું. આ લાઈવ કોન્સર્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પરફોર્મ કરતી વખતે બિલાલ અચાનક પોતાનું માઈક દર્શકો પર ફેંકી દે છે અને તેને મારી નાખે છે. આ દ્રશ્ય જોઈને પાછળ ઉભેલા લોકો પણ દંગ રહી જાય છે. જો કે, એવું પણ માનવામાં આવે છે કે ગીત ગાતી વખતે સિંગર દર્શકોની કેટલાક લોકોની ક્રિયાઓ પર ધ્યાન આપે છે. જેના કારણે તેને ગુસ્સો આવે છે. પ્રેક્ષકો તરફ માઈક ફેંક્યા બાદ બિલાલ સઈદે તેમનો કોન્સર્ટ અધવચ્ચે જ છોડી દીધો હતો. સિંગરના આ એક્શન પછી સોશિયલ મીડિયા યુઝર્સ તેની ખૂબ ટીકા કરતા જોવા મળી રહ્યા છે. યુઝર્સે તેના વર્તન પર નારાજગી વ્યક્ત કરી છે. પોતાની સ્પષ્ટતા રજૂ કરતી વખતે બિલાલ સઈદે લખ્યું હતું કે, સ્ટેજ હંમેશા મારી આખી દુનિયા રહી છે, પરફોર્મ કરતી વખતે મેં હંમેશા સૌથી સંપૂર્ણ અને સૌથી જીવંત અનુભવ્યું છે. હું મારી માંદગી, તણાવ, ચિંતાઓ ભૂલી જાઉં છું જ્યારે હું મારા ફેન્સ માટે પ્રદર્શન કરું છું ત્યારે હું બધું જ પાછળ છોડી દઉં છું. અને ભલે ગમે તે થાય, મારા અને મારા પ્લેટફોર્મ માટે આદરના માર્ગમાં કંઈપણ આવવું જોઈએ નહીં. હું મારા ફેન્સને પ્રેમ કરું છું અને કેટલીકવાર તે પ્રેમ બંને પક્ષો માટે ખૂબ વધારે હોઈ શકે છે. ભીડમાં કોઈએ ગેરવર્તણૂક કરી હોય એવું પહેલી વાર નહોતું, પણ મેં ખોટું રિએક્ટ કર્યું હોય એવું પહેલી વાર હતું. મારે ક્યારેય સ્ટેજ છોડવું ન જોઈએ. આ શો ચાલુ જ રહેશે.



# ભુજ-સાબરમતી સ્પેશિયલ અને અમદાવાદ-ઓખા અઠવાડિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

। અમદાવાદ, તા.૩૧ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને તેમની માંગને પૂરી કરવાના ઉદ્દેશ્યથી ભુજ-સાબરમતી સ્પેશિયલ અને અમદાવાદ-ઓખા અઠવાડિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિશેષ ભાડા પર વિસ્તારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો આ રીતે છે :-

૧. ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-સાબરમતી સ્પેશિયલ જેને અગાઉ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામા આવી હતી, તેને હવે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૫૫ સાબરમતી-ભુજ સ્પેશિયલ જેને અગાઉ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામા આવી હતી, તેને હવે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૪૩૫ અમદાવાદ-ઓખા અઠવાડિક સ્પેશિયલ અગાઉ ૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામા આવી હતી, તેને ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૪૩૬ ઓખા-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને અગાઉ ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામા આવી હતી, તેને હવે ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૫૬, ૦૯૪૫૫, ૦૯૪૩૫ અને ૦૯૪૩૬ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ ઉપર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના વિશે વિગતવાર જાણકારી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ઉપર જઈને નિરીક્ષણ કરી શકશે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના યુ.સી.ડી.વિભાગ દ્વારા બ્રેસ્ટ કેન્સર નિદાન તેમજ અવેરનેસ કેમ્પનું આયોજન



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુસીડી વિભાગે આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી અમદાવાદમાં બ્રેસ્ટ કેન્સર નિદાન અને અવેરનેસ કેમ્પનું આયોજન કર્યું છે. આ કેમ્પ ૨૯ એપ્રિલ ૨૦૨૪ સુધી વિવિધ તબક્કાઓમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોન તેમજ વોર્ડમાં યોજાશે.

### ડીપીઆઇઆઇટી દ્વારા સ્થાનિક ઇ-કોમર્સ વૃદ્ધિને વેગ આપવા

# કારીગરો અને ખેડૂતોને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રવ્યાપી 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ સંપર્ક' ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું

### કેન્દ્ર અને સ્થાનિક વિક્રેતાઓ વચ્ચે સહયોગની સુવિધા, સ્વદેશી ઉદ્યોગોને પુનર્જીવિત કરવા માટે ૧૫ રાજ્યોમાં 'ઓડીઓપી સંપર્ક' વર્કશોપનું આયોજન




। (માહિતી) રાજકોટ, તા.૩૧ ।

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) તેની 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ સંપર્ક' પહેલ હેઠળ દેશવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. આ ઈવેન્ટ્સ પહેલ વિશે જાગૃતિ લાવે છે અને દેશભરના વિવિધ જિલ્લાઓમાંથી ઉભરી રહેલી સફળતાની વાર્તાઓ દર્શાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ધ્યેયો સાથે સંરેખણમાં, આ વર્ણનો 'આત્મનિર્ભરતા' અથવા સ્વનિર્ભરતા અને સ્વદેશી ઉદ્યોગોના પુનરુત્થાનના ઉદાહરણો દર્શાવે છે. કાર્યશાળાઓ સંતુલિત પ્રાદેશિક વિકાસને ઉત્તેજન આપવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા જિલ્લાઓ, રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના સહયોગી પ્રયાસોને પ્રકાશિત કરે છે.

અત્યાર સુધીમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, ગુજરાત, પંજાબ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, છત્તીસગઢ, સિક્કિમ, નાગાલેન્ડ, ગોવા, મહારાષ્ટ્ર અને મેઘાલય જેવા ૧૫ રાજ્યોમાં આયોજિત આ વર્કશોપમાં અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ સહિત અનેક ભાષાઓમાં સ્થાનિક અને રાષ્ટ્રીય અખબારો દ્વારા ઓડીઓપીની સફળતાની ગાથાઓનું સફળતાપૂર્વક પ્રદર્શન કરવામાં આવ્યું છે. ઓડીઓપી સંપર્કની નક્કર અસર કાર્યશાળાઓમાં વિક્રેતાઓ સાથે જીવંત આદાનપ્રદાન મારફતે સ્પષ્ટ થાય છે, જ્યાં બજારનાં જોડાણમાં ઓળખાયેલાં અંતરને કારણે ડીપીઆઈઆઈટી દ્વારા સક્રિય પહેલોને વેગ મળ્યો છે. આ પહેલોમાં ઈ-કોમર્સ ઓનબોર્ડિંગ માટે ટેકો પૂરો પાડવાનો, ઓડીઓપી નીતિઓ ઘડવા માટે રાજ્યો સાથે જોડાણ, પેકેજિંગ વ્યૂહરચનાઓમાં વધારો કરવા અને સ્થાનિક અને વૈશ્વિક પ્રમોશનને વેગ આપવા માટે કેન્દ્રીય સ્તરે વિક્રેતાઓ વચ્ચે જોડાણની સુવિધા આપવાનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમોના ભાગરૂપે ઘણાં કારીગરો અને ખેડૂતોને સરકારની ઓડીઓપી પહેલ વિશે જાણકારી આપવામાં આવી છે. આ કાર્યક્રમોમાં, ઉપસ્થિતોને સાંસ્કૃતિક પ્રદર્શનમાં ડૂબાડવામાં આવે છે, લાઈવ ડિસ્પ્લે દ્વારા દરેક રાજ્યના પ્રખ્યાત ઉત્પાદનોની સમૃદ્ધિનો અનુભવ કરવામાં આવે છે, જે વિવિધ સ્થાનિક ઓફરને પ્રકાશિત કરે છે. આ વર્કશોપ બહુવિધ ઉદ્દેશોને પૂર્ણ કરે છે, જેમાં રાજ્ય અને કેન્દ્રની યોજનાઓની ચર્ચા કરવા, શંકાઓ અને પડકારોને દૂર કરવા, ઉત્પાદનો પ્રદર્શિત કરવા અને કારીગરો અને ખેડૂતોને લાભદાયી પહેલો વિશે જાગૃતિ લાવવા માટે એક મંચ પ્રદાન કરવામાં આવ્યો છે.

# ૫ ફેબ્રુઆરી સુધી સાણંદ રેલવે ફાટક રેલવે ક્રોસિંગ નં. ૨૨છ બંધ રહેશે

। અમદાવાદ, તા.૩૧ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાણંદ-છારોડી સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નં. ૨૨છ કિમી ૫૨૪/૩-૪ (સાણંદ રેલવે ફાટક) સમારકામ અને જાળવણી કામ હેતુસર ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ૨૦.૦૦ કલાક સુધી (કુલ ૦૫ દિવસ) બંધ રહેશે.

આ રોડનો ઉપયોગ કરનાર આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નં. ૨૯ (ખોડા રેલવે ફાટક) અને રેલવે ક્રોસિંગ નં. ૩૭ (સચાણા રેલવે ફાટક)નો ઉપયોગ કરી શકે છે.

# ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પોરબંદરના કીર્તિ મંદિરમાં પ્રાર્થના સભા યોજાઈ

### કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, એસપી અને અગ્રણીઓ તેમજ નાગરિકો પ્રાર્થના સભામાં સહભાગી થયા



(માહિતી બ્યુરો)
। પોરબંદર, તા.૩૧ ।

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે આજે પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મ સ્થળ કીર્તિ મંદિર ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. આજે તારીખ ૩૦ જાન્યુઆરી સાંજે ૫ થી ૫:૪૫ દરમિયાન યોજાયેલ સર્વ ધર્મ પ્રાર્થના સભામાં કલેકટર શ્રી કે.ડી.લાખાણી સહિતના મહાનુભાવો એ મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પી હતી. પ્રાર્થનાસભામાં કલેકટર શ્રી ઉપરાંત નગરપાલિકાના પ્રમુખ ચેતનાબેન તિવારી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.બી. ઠક્કર,પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા, ઈતિહાસવિદ શ્રી નરોત્તમભાઈ પલાણ, અધિક કલેક્ટર એમ. કે જોશી, જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ ઑડેદરા તેમજ અન્ય પદાધિકારીઓ અગ્રણીઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓ નાગરિકો અને મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંકલન પ્રાંત અધિકારી શ્રી સંદીપ જાદવે કર્યું હતું તેમજ નીરવ જોશી અને શિક્ષકોની ટીમે ભાવમય પ્રાર્થના ની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી.

# કાંકરેજ તાલુકાના સવપુરા ગામે પ્રાકૃતિક ખેતી, સ્વચ્છતા અને જન જાગૃતિ શિબિરનો શુભારંભ



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૩૧ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી કાંતાબેન કીર્તીલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારિયા કોમર્સ કોલેજ થરા રાષ્ટ્રિય સેવા યોજના એન. એસ. એસ.ના ઉપક્રમે કાંકરેજ તાલુકાના સવપુરા ગામે પ્રાકૃતિક ખેતી,સ્વચ્છતા અને જન જાગૃતિ સાપ્તાહિક શિબિરનો શુભારંભ કેળવણી મંડળના માનદ મંત્રી જીતુભાઈ ધાણધારાન અધ્યક્ષ સ્થાને થયો જેનું ઉદઘાટન સરપંચ મુકેશજી એન. ઠાકોરે કરેલ.આ પ્રસંગે ટીડીઓ પંડયા, ડી ડી જાલેરા, પુરણસિંહ વાઘેલા, કોલેજ આચાર્ય ડો.ડી.એસ. ચારણ પ્રોગ્રામ ઓફિસર જી. એ. શ્રીમાળી, એમ.બી. પરમાર તથા શિબિરાર્થઓ ગ્રામજનો હાજર રહેલ.

# ગુલાબનગર શાળા નં.૫૯ ખાતે શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

### ભૂકંપ, પૂર, વાવાઝોડું, ઓદ્યોગિક અકસ્માત, આગ વગેરે જેવી આપત્તિઓમાં કઈ રીતે સલામતી જાળવવી તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

। (માહિતી) જામનગર, તા.૩૧ ।

ભૂકંપ, પૂર, વાવાઝોડું, ઓદ્યોગિક અકસ્માત,આગ જેવી બહુવિધ આપત્તિઓ સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તી અને આપત્તી વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકાયો છે.

જે કાર્યક્રમ અંતર્ગત શહેરની ગુલાબનગર શાળા નં.૫૯ ખાતે શાળા સલામતી સપ્તાહ ઉજવણી માટે વંદે ગુજરાત ચેનલ પર રાજ્યમંત્રી શ્રી પ્રફૂલ પાનસેરિયા અને જી.એસ.ડી.એમ.એ.ના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અનુપમ આનંદ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શીત કરાયાં હતા.આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રમાંથી શહેર પ્રાંત અધિકારીશ્રી



પી.બી.પરમાર, ડીઝાસ્ટર મામલદાર, ડીઝાસ્ટર ડીપીઓ તથા શહેર ફાયર વિભાગમાંથી ફાયર ઓફિસર અને ડીઝાસ્ટર પ્રોજક્ટ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને આપત્તીઓથી રક્ષણ મેળવવા વિશેની સમજ આપવામાં આવી હતી.

# બોટાદ નગરપાલિકાના સ્વચ્છતા સેનાનીઓએ બોટાદની મધ્યમાંથી પસાર થતી નદી ચોખ્ખી-ચણાક કરી

। (માહિતી બ્યુરો) બોટાદ, તા.૩૧ ।

બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોય અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાનિયાના માર્ગદર્શન અન્વયે બોટાદ પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલના નેતૃત્વમાં સમગ્ર બોટાદમાં સ્વચ્છતા અભિયાને જોર પકડ્યું છે. ત્યારે બોટાદ નગરપાલિકાના સ્વચ્છતા સેનાનીઓએ બોટાદની મધ્યમાંથી પસાર થતી નદી ચોખ્ખી-ચણાક કરી દીધી છે.

સ્વચ્છતા સૈનિકોની રાત-દિવસની મહેનત હવે સ્પષ્ટ જોવા મળી રહી છે. ત્યારે આપણે સૌ જાગૃત નાગરિક બનીએ. વહીવટી તંત્રની દિવસોની મહેનતને પ્રોત્સાહન આપીએ અને કચરો કચરા પેટીમાં જ નાખવાનો આગ્રહ રાખીએ. નદીમાં નાખેલા કચરાથી આસપાસના સમગ્ર વિસ્તારમાં પ્રદૂષણ ફેલાય છે અને તેનો ભોગ આપણે તો બનીએ જ છીએ સાથેસાથે અનેક અબોલ જીવ પણ આ પ્રદૂષણનો ભોગ બને છે.

# તિલકવાડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલશ્રી કૌશિકભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓ અંગે માર્ગદર્શન અપાયુ

। (માહિતી) નર્મદા, તા.૩૧ ।

નર્મદા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે તિલકવાડા પ્રાથમિક શાળા ખાતે આજરોજ વિદ્યાર્થીઓને ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓ વિશે ડેમોસ્ટ્રેશન થકી માર્ગદર્શન આપવામા આવ્યું હતું. તિલકવાડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલશ્રી કૌશિકભાઈ પરમારે જણાવ્યુ કે, નર્મદાના આયોજન મુજબ શાળા સપ્તાહની ઉજવણી કરવામા આવી રહી છે જેનાભાગ રૂપે આજરોજ ૧૦૮ નુ ડેમોસ્ટ્રેશન થકી માહિતી આપવામા આવી હતી. ખાસ કરીને હાલના સમયમાં ઘણીવાર દુર્ઘટનાઓ બનતી કે અકસ્માત સર્જાતા હોય છે. અને આગ લાગવાની ઘટનાઓ પણ બનતી હોય છે. આવા સમયમાં શુ સાવધાની રાખવી અને બચાવ કામગીરી કેવી રીતે કરવી એની માહિતી પણ આપવામા આવી હતી.

# મતદાન જાગૃતિ ડેમોન્સ્ટ્રેશન વાન થકી ગામે ગામ જઈને નાગરિકોને ચૂંટણી પ્રક્રિયા અંગે અપાઈ રહેલી સમજ

। (માહિતી) ડાંગ, તા.૩૧ ।

આગામી લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય, અને નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુને ધ્યાનમાં લઈને, ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા ફાળવાયેલી મોબાઈલ નિદર્શન વાન, ડાંગ જિલ્લાના ગામોમાં ફરી નાગરિકોમાં જાગૃતિ અભિયાન ચલાવી રહી છે. ડાંગ જિલ્લામા હાલ વઘઈ તાલુકાના બુથ ઉપર મતદાન જાગૃતિ ડેમોન્સ્ટ્રેશન વાન ફરી રહી છે. વઘઈ તાલુકાના કોસીમપાતળ, જામનપાડા, ઝાવડા, વાંઝટઆંબા, કોયલીપાડા, ચિકાર, અને બોરિગાંવઠા બુથ પર લોકોને મતદાનની પ્રક્રિયા અંગે સમજણ આપવામા આવી હતી. ડાંગ જિલ્લા સેવા સદન ખાતે પણ નિયુક્ત ટીમો દ્વારા મતદાન અંગેનો જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવી રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

# પાણી સમજીને એસિડ જેવો કોઇ પદાર્થ પી ગયો ધાકડ ભારતીય ક્રિકેટર



। (એજન્સી) અગરતલા, તા.૩૧ ।

ભારતીય ક્રિકેટર મયંક અગ્રવાલ સાથે મોટી ઘટના ઘટી ગઈ. તેને અગરતલાથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં ચડવા દરમિયાન અનેકવાર ઉલટીઓ થઈ. તે હાલ બરાબર બોલી શકતો નથી. તેના ચહેરા પર સોજા છે. વાત જાણે એમ છે કે કર્ણાટક ટીમના કેપ્ટન મયંક અગ્રવાલની તબિયત બગડ્યા બાદ અગરતલાની એક હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. તે રણજી મેચ રમીને અગરતલાથી પાછો ફરી રહ્યો હતો પરંતુ ફ્લાઈટમાં ચડતા જ અસહજ મહેસૂસ કરવા લાગ્યો હતો. બાદમાં ખબર પડી કે તેણે પાણી સમજીને એસિડ જેવો કોઈ પદાર્થ પી લીધો હતો. કર્ણાટકના અનુભવી ઓપનર અને કેપ્ટન મયંક અગ્રવાલ જ્યારે સોમવારે રણજી ટ્રોફીની મેચ રમીને અગરતલાથી પાછો ફરી રહ્યો હતો ત્યારે એરપોર્ટ પર ફ્લાઈટમાં ચડતી વખતે તેની તબિયત બગડી ગઈ. તેના મોંઢા અને ગળામાં તકલીફ થવા લાગી હતી. તેને તરત અગરતલાની હોસ્પિટલમાં દાખલ કરાયો. મયંકને હાલ જો કે કોઈ જોખમ નથી અને તેની સ્થિતિ પહેલા કરતા સારી છે. મળતી માહિતી મુજબ મયંકે પાણી સમજીને એક બોટલથી એસિડ જેવો કોઈ પદાર્થ પી લીધો હતો. ઈન્ડિગો તરફથી બહાર પાડવામાં આવેલા એક નિવેદન મુજબ અગરતલાથી દિલ્હી માટે ઉડાણ ભરનારી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ૫૧૭૭ એ વિમાનમાં એક ઈમરજન્સી મેડિકલ સ્થિતિને કારણે મૂળ સ્થાન પર પાછા ફરવું પડ્યું. મુસાફરને ઉતારી દેવાયો અને આગળ ચિકિત્સા મદદ માટે હોસ્પિટલ લઈ જવાયો. વિમાને સાંજે ૪.૨૦ વાગે ફરીથી ઉડાણ ભરી. ત્રિપુરા ક્રિકેટ એસોસિએશનના કાર્યકારી સચિવ વાસુદેવ ચક્રવર્તીએ મયંક અંગે અપડેટ આપી છે. તેમણે કહ્યું કે મને ફોન આવ્યો કે મયંક અગ્રવાલને ઈમરજન્સીમાં દાખલ કરાયો છે. મયંકે એક બોટલમાંથી પાણી સમજીની કઈક પી લીધુ અને ત્યારબાદ તેને સોજા મહેસૂસ થયા. આ કઈક એસિડ જેવું હતું. હોસ્પિટલ પહોંચીને જોયું તો તેનો ચહેરો સૂજી ગયો હતો અને તે બોલી શકતો નહતો. રિપોર્ટ મુજબ મયંકને અગરતલાથી બપોરે ૨.૩૦ વાગે ફ્લાઈટ પકડવાની હતી. તે ફ્લાઈટ બોર્ડ પણ કરી ચૂક્યો હતો. તે વખતે તેને ગળામાં કઈક સમસ્યા લાગી.ત્યારબાદ મયંકને ફ્લાઈટમાંથી નીચે ઉતારાયો અને હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લઈ જવાયો. તે આઈસીયુમાં દાખલ હતો. હાલ તે સારવાર હેઠળ છે. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. મયંકે હાલમાં ત્રિપુરા વિરુદ્ધ અગરતલામાં મેચ રમી. જે ૨૬ જાન્યુઆરીથી શરૂ થઈ હતી. આ મેચમાં મયંકે ૫૧ અને ૧૭ રન કર્યા હતા. તેની ટીમ કર્ણાટક ૨૯ રનથી જીતી હતી. ૩૨ વર્ષના મયંકે ભારત માટે ૨૧ ટેસ્ટ રમી છે. તે સોમવારે કર્ણાટક ટીમનો કેપ્ટન છે. હાલ તે આઉટ ઓફ ડેન્જર છે. કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘ (કેએસસીએ)ના એક અધિકારીએ જણાવ્યું કે એક હોસ્પિટલમાં નિગરાણી હેઠળ છે અને ડોક્ટરો પાસેથી અપડેટ મળ્યા બાદ અમે તેને પાછા બેંગ્લુરુ લઈ જઈશું.

### પાકિસ્તાની ક્રિકેટર વિવાદમાં સપડાયો

# આપણે આપણું દીલ કહે એજ કરવું જોઈએ : શોએબ મલિક

### તમે તમારા દિલનું સાંભળો ભલે પછી ૧૦ વર્ષ લાગી જાય કે પછી ૨૦ વર્ષ લાગી જાય: પાકિસ્તાની ક્રિકેટર

। (એજન્સી) કરાંચી, તા.૩૧ ।

પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે ૧૮ જાન્યુઆરીએ પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે ત્રીજા લગ્ન કરી લીધા હતા. લગ્નના બે દિવસ બાદ આ કપલે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વેડિંગ ફોટોસ શેર કરી તમામને અચરજ પમાડ્યું હતું. સના દ્વારા નિકાહની જાહેરાત બાદ સ્પષ્ટ છે કે શોએબે તેની બીજી વાઈફ સાનિયા મિર્ઝાને તલાક આપી દીધા હતા. સના જાવેદ સાથે લગ્ન બાદ શોએબ મલિકને ચારેકોરથી ટ્રોલ કરાયો હતો. આ સૌની વચ્ચે હવે તેણે મૌન તોડ્યું છે. એક પોડકાસ્ટ દરમિયાન શોએબ મલિક કહી રહ્યો છે કે આપણે એ જ કરવું જોઈએ જે આપણું દિલ કહે. એ ન વિચારવું



જોઈએ કે લોકો શું વિચારશે. ભલે તમને એ શીખવામાં સમય લાગી જાય કે લોકો શું વિચારશે? તમે તમારા દિલનું સાંભળો ભલે પછી ૧૦ વર્ષ લાગી જાય કે પછી ૨૦ વર્ષ લાગી જાય. ઉલ્લેખનીય છે કે શોએબ મલિક અને સાનિયા મિર્ઝાએ ૨૦૧૦માં એકબીજા સાથે લગ્ન કર્યા હતા. તેમનો એક દીકરો ઈજહાન પણ છે. શોએબ અને સાનિયા મિર્ઝા હવે સાથે મળીને તેનો ઉછેર કરશે. સાનિયાના પરિવારનો દાવો છે કે સાનિયાએ તેના પતિથી 'ખુલા' લઈને અલગ માર્ગ અપનાવ્યો હતો.

# પોતાની ફિટનેસ પર સખત મહેનત કરી રહ્યો છે ઓલરાઉન્ડર પંડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

હાર્દિક પંડ્યા ભલે ક્રિકેટ ફિલ્ડથી દૂર હોય પરંતુ તે સતત સમાચારોમાં રહે છે. ટીમ ઈન્ડિયાનો આ ક્રિકેટર હાલમાં પોતાની ફિટનેસ પર સખત મહેનત કરી રહ્યો છે અને ઈજામાંથી સાજા થવાનો સમય હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. હાર્દિક પંડ્યાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે પોતાની ફિટનેસ પર સખત મહેનત કરતો જોવા મળી રહ્યો છે. વાઈરલ વીડિયોમાં તેણે તેની વર્કઆઉટ રૂટિન પણ ફેન્સ સાથે શેર કરી છે જે ખૂબ જ તીવ્ર છે. પંડ્યાએ કોઈપણ ભોગે IPL ૨૦૨૪માં પુનરાગમન કરવું પડશે કારણ કે તેને મુંબઈ ઈન્ડિયન્સનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

ફ્રેન્ચાઈઝીએ રોહિતની જગ્યાએ પંડ્યાને કેપ્ટનશિપ સોંપી છે. હાર્દિક પંડ્યાએ પોતાના વર્કઆઉટનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જેમાં તે શર્ટલેસ ટ્રેનિંગ કરી રહ્યો છે. પંડ્યાની વર્કઆઉટ રૂટિન વિશે ખાસ વાત એ છે કે સ્ટ્રેન્થ ટ્રેનિંગને બદલે તે પોતાના શરીરની સ્પીડ અને ફ્લેક્સિબિલિટી પર વધુ કામ કરી રહ્યો છે. આ કારણે તેનું શેડ્યુલ અન્ય ખેલાડીઓથી થોડું અલગ છે. પંડ્યાનું રૂટિન હાઈ ઈન્ટેન્સિટી વર્કઆઉટનું છે. જેમાં તે ૧૫ સેકન્ડ સુધી બાઈક પર દોડે છે, ત્યારબાદ તે દોરડાં ચલાવે છે. તે સ્કિપિંગ જેવી કસરતો પણ કરી રહ્યો છે. એકંદરે, આ વર્કઆઉટ હાર્દિક પંડ્યાનો




સ્ટેમિના પણ વધારી રહ્યો છે. ચોક્કસ પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સને જીતાડવા અને પોતાને સાબિત કરવા માટે ખૂબ મહેનત કરી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિક પંડ્યાને ગુજરાત ટાઈટન્સ પાસેથી ૧૭ કરોડ રૂપિયામાં ટ્રેડ કરી ફરી ટીમમાં સામેલ કર્યો છે.

છેલ્લી બે સિઝનમાં પંડ્યા ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન હતો જેમાં એક વખત તેણે ટીમને ચેમ્પિયન બનાવી જ્યારે બીજી સિઝનમાં ટીમ ફાઈનલમાં પહોંચી હતી. પંડ્યાની આઈપીએલ કારકિર્દીની શરૂઆત મુંબઈ ઈન્ડિયન્સથી થઈ હતી પરંતુ ટીમે તેને છોડી દીધો હતો. હવે ફરી એકવાર પંડ્યા મુંબઈ પરત ફર્યા છે, હવે જોવાનું એ રહે છે કે આ ઓલરાઉન્ડર શું કરી શકે છે.

## ચેસ જોવા આવ્યાં છો કે છોકરી? પ્રેક્ષકોએ ચાલુ રમતમાં ભારતીય સ્ટાર દિવ્યા સાથે કર્યું અણછાજતું કામ



। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતના મહારાષ્ટ્રની નાગપુરની ૧૮ વર્ષીય ચેસ ખેલાડી દિવ્યા દેશમુખને નેધરલેન્ડની એક ટૂર્નોમેન્ટમાં ખુબ કડવો અનુભવ થયો હતો જે તેણે હવે સોશિયલ મીડિયા પર પોસ્ટ લખીને ફરિયાદ કરી છે. દિવ્યાએ લખ્યું કે નેધરલેન્ડના વિજક આન ઝીમાં તાજેતરમાં સંપન્ન થયેલી ટાટા સ્ટીલ માસ્ટર્સ કેટલાક દર્શકોએ તેની સાથે અણછાજતું વર્તન કર્યું હતું. ચેસની રમત જોવા આવેલા પ્રેક્ષકો દિવ્યાના વાળ, કપડાં જ જોતા જ રહ્યાં હતા તે ઉપરાંત વંશીય ટીપ્પણીઓ પણ કરતાં રહ્યાં હતા. કોઈ ખેલાડી સાથે આવું વર્તન કરવું કેટલું યોગ્ય છે.

### ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ પહેલા બે મહાન ભૂતપૂર્વ ક્રિકેટરો સામ-સામે

# વિખાપટ્ટનમમાં ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ૧૧ને લઈ બે મહાન ભૂતપૂર્વ ક્રિકેટરો શ્રીકાંત અને દેવાંગ ગાંધીનો અલગ-અલગ અભિપ્રાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ પહેલા બે મહાન ભૂતપૂર્વ ક્રિકેટરો સામ-સામે આવી ગયા છે. આ મુદ્દો ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવન સાથે જોડાયેલો છે. બંનેના અભિપ્રાયમાં સૌથી મોટો તફાવત ટીમની બોલિંગ લાઈન-અપને લઈને છે. આવી સ્થિતિમાં, રોહિત શર્માના મગજમાં શું ચાલી રહ્યું છે તે પણ પ્રશ્ન છે, કારણ કે પ્લેઈંગ ઈલેવન પર અંતિમ નિર્ણય તેનો જ રહેશે. વિશાખાપટ્ટનમની પીચની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને ઈંગ્લેન્ડે ૪ સ્પિનરોને રમવાનો સંકેત આપ્યો છે. જે બાદ ભારતે ચાર સ્પિનરોને રમાડવા જોઈએ કે નહીં એ અંગે નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. આખી લડાઈ ટીમ ઈન્ડિયાએ કેટલા સ્પિનરોને રમાડવા જોઈએ તે જ છે. ટીમ ઈન્ડિયાના બે ભૂતપૂર્વ ક્રિકેટર શ્રીકાંત અને દેવાંગ ગાંધીનો વિખાપટ્ટનમમાં ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ૧૧ને લઈ અલગ-અલગ અભિપ્રાય જોવા મળ્યો હતો. શ્રીકાંતનું કહેવું છે કે રોહિત શર્માએ ૪ સ્પિનરો અને ૧ ફાસ્ટ બોલર સાથે વિશાખાપટ્ટનમમાં પ્રવેશ કરવો જોઈએ. જ્યારે દેવાંગ ગાંધીનું કહેવું છે કે પીચ પર ગમે તેટલી મદદ મળે, ૪ સ્પિનરોને રમવાનો વિચાર યોગ્ય નહીં હોય, શ્રીકાંતે તિઓઆઈ સાથે વાત કરતા કહ્યું કે જો ઈંગ્લેન્ડ ૪ સ્પિનરો સાથે રમી શકે છે તો ભારત કેમ નહીં? મને લાગે છે કે પીચની પ્રકૃતિને જોતા ભારતે ૪ સ્પિનરો સાથે રમવું જોઈએ. શ્રીકાંતના મતે ભારતે હૈદરાબાદ ટેસ્ટમાં કંઈ ન કરી શકનાર સિરાજની જગ્યાએ કુલદીપ યાદવ અને ઈજાગ્રસ્ત રવીન્દ્ર જાડેજાની જગ્યાએ વોશિંગ્ટન સુંદરને તક આપવી જોઈએ. આ સિવાય બે સ્પિનરો અશ્વિન અને અક્ષર પટેલના રૂપમાં ટીમ સાથે પહેલાથી જ છે. બીજી તરફ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર દેવાંગ ગાંધીનો મત થોડો અલગ છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી હું વિખાપટ્ટનમની પિચને જાણું છું, તેના પર રિવર્સ સ્વિંગ હશે. આવી સ્થિતિમાં, મને લાગે છે કે ૪ સ્પિનરો સાથે જવાની ભારતની ફોર્મ્યુલા યોગ્ય રહેશે નહીં. મારા મતે ટીમમાં એક જ ફેરફાર થવો જોઈએ, રવીન્દ્ર જાડેજાની જગ્યાએ કુલદીપ યાદવને રમાડવો જોઈએ. બાકીના બે ઝડપી બોલર બુમરાહ અને સિરાજ ટીમ સાથે રહે તો સારું રહેશે.

### ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટમાં પરાજય બાદ રોહિતની ટીકા

# કોહલી સુકાની હોત તો ભારત ઈંગ્લેન્ડ સામે ન હાર્યું હોત : વોન

### ઇંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વોનનું માનવું છે કે રોહિત શર્મા મેચ દરમિયાન 'સ્વિચ ઓફ' રહ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચોની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ હૈદરાબાદમાં રમાઈ હતી. આ મેચમાં ભારતને ૨૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વોનનું માનવું છે કે જો વિરાટ કોહલી કેપ્ટન હોત તો ભારત ઈંગ્લેન્ડ સામે હૈદરાબાદ ટેસ્ટ હાર્યું ન હોત. તેનું માનવું છે કે રોહિત શર્મા મેચ દરમિયાન 'સ્વિચ ઓફ' રહ્યો હતો. પ્રથમ ઈનિંગમાં ૧૯૦ રનની લીડ મેળવ્યા બાદ મજબૂત સ્થિતિમાં કોહલી વિના ભારતીય ટીમ સ્પિન અનુકુળ પરિસ્થિતિઓમાં હોવા છતાં ૨૮ રને હારી હતી. જેથી ઈંગ્લેન્ડે ૫ મેચોની આ ટેસ્ટ સીરિઝમાં ૧-0ની લીડ મેળવી લીધી છે. આ હૈદરાબાદમાં ભારતીય ટીમની પ્રથમ હાર હતી. વિરાટ કોહલી અંગત કારણોસર શરૂઆતની બે ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનો ભાગ નહીં હોય. માઈકલ વોને કહ્યું, "ભારતે ટેસ્ટ ક્રિકેટમાં વિરાટ કોહલીની કેપ્ટન્સીને



ખુબ મિસ કરી. વિરાટની કેપ્ટન્સીમાં ભારત પ્રથમ મેચ ન હાર્યું હોત." વોને મેચ દરમિયાન રોહિતના નેતૃત્ત્વની ટીકા કરી હતી. તેણે કહ્યું, "રોહિત એક દિગ્ગજ અને મહાન ખેલાડી છે. પરંતુ મને લાગ્યું કે તે સંપૂર્ણપણે ઓફ થઈ ગયો હતો." વોને વધુમાં કહ્યું, "મને લાગ્યું કે રોહિત શર્માની કેપ્ટન્સી ઘણી એવરેજ છે, મને લાગ્યું કે તે એક્ટિવ ન હતો. તેણે તેની ફિલ્ડિંગ અથવા બોલિંગમાં વધુ ફેરફાર કર્યો ન હતો. તેમની પાસે ઓલી પોપના સ્વિપ અને રિવર્સ સ્વિપનો કોઈ જવાબ ન હતો."

# ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત અમદાવાદ ગ્રામ્યની ફૂટબોલની ઓપન વય જૂથ સ્પર્ધા યોજાઈ



। અમદાવાદ, તા.૩૧ ।

ખેલ મહાકુંભ ૨.૦ નું સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે તથા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, અમદાવાદ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદ ગ્રામ્યની ફૂટબોલ રમતની ઓપન વય જૂથ સ્પર્ધાનું આયોજન નિકોલ રમત સંકુલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ફૂટબોલ રમતની ઓપન વય જૂથ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, અમદાવાદ તેમજ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ફૂટબોલ કોચ હાજર રહ્યા હતા. જિલ્લાકક્ષાની સ્પર્ધામાંથી વિજેતા થયેલ ટીમોમાંથી એક ટીમ ઝોન કક્ષાએ (રાજયકક્ષા) આગળ રમવા જશે.

### મુશીર ખાનની અંડર-૧૯ વર્લ્ડકપમાં બેટિંગથી હલચલ

# સિઝનમાં બે સદી ફટકારવાના વિક્રમની મુશીરે બરોબરી કરી

### શિખર ધવન અને બાબર આઝમે આ સિધ્ધિ મેળવી છે



।(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧।

સરફરાઝ ખાનના ભાઈ મુશીર ખાને અંડર-૧૯ વર્લ્ડકપ માં તેની બેટિંગથી હલચલ મચાવી દીધી છે. એક તરફ સરફરાઝને ટેસ્ટ ટીમ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો, તો બીજી તરફ તેનો ભાઈ મુશીર ખાન અંડર-૧૯ વર્લ્ડકપમાં પોતાની બેટિંગથી ક્રિકેટ જગતમાં ધૂમ મચાવી રહ્યો છે.

મુશીરે ન્યૂઝીલેન્ડ સામેની અંડર-૧૯ વર્લ્ડકપ સુપર-૬ મેચમાં શાનદાર બેટિંગ કરતા ૧૦૯ બોલમાં સદી ફટકારી હતી. મુશીરની અંડર-૧૯ વર્લ્ડકપમાં આ બીજી સદી છે. તેણે સતત ૨ સદી ફટકારીને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. મુશીર ખાને અંડર-૧૯ વર્લ્ડકપના એક સિઝનમાં ૨ સદી ફટકારવાના મામલે શિખર ધવન અને બાબર આઝમની બરાબરી કરી લીધી છે. મુશીરે ન્યુઝીલેન્ડ સામે ૧૨૬ બોલમાં ૧૩૧ રનની ઈનિંગ રમી જેમાં ૧૩ ચોગ્ગા અને ૩ છગ્ગા પણ સામેલ હતા. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ ૧૦૩.૯૭ની હતી. મુશીરની આ શાનદાર ઈનિંગના કારણે ભારતીય અંડર-૧૯ ટીમે ૨૯૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ ન્યુઝીલેન્ડની ટીમ ૨૮.૧ ઓવરમાં ૮૧ રન પર સમેટાઈ ગઈ હતી. ભારતીય ટીમ આ મેચ ૨૧૪ રને જીતી હતી. મુશીરને તેની શાનદાર સદીના કારણે પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો.

મુશીર હવે અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. મુશીરે પાકિસ્તાનના શાહઝેબ ખાનને પાછળ છોડી દીધો છે. શાહઝેબ ખાને અત્યાર સુધી ૩ મેચમાં કુલ ૨૨૩ રન બનાવ્યા છે. મુશીર હવે શાહઝેબ કરતા ઘણો આગળ નીકળી ગયો છે. આ મામલામાં જ્વેલ એન્ડ્ર્યુ ૩ મેચમાં ૧૯૬ રન સાથે ત્રીજા સ્થાને છે

# આસામ ખાતે ૩૪મી સિનિયર નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં મિતવા ચૌધરીએ જીત્યો બ્રોન્ઝ મેડલ

### સખત પરિશ્રમ અને અથાગ મહેનતના કારણે મને સફળતા મળતા ખુબ જ ખુશ છું : મિતવા ચૌધરી

। ગાંધીનગર, તા.૩૧ ।

૧૭ વર્ષની ઉંમરથી રમત-ગમત સાથે સંકળાયેલ છું. ગાંધીનગર ખાતે ફેન્સિંગ ચેમ્પિયનશીપ જોઈને આ રમત તરફ આકર્ષાઈ અને વર્ષ ૨૦૧૮થી ફેન્સિંગ (તલવારબાજી)ની શરૂઆત કરી છે. મારું વતન સુજનીપુર – પાટણ છે અને હાલ હું અમદાવાદ જીલ્લાના સાણંદ નજીક સંસ્કારધામ ખાતે વિજય ભારત સ્પોર્ટ્સ અકેડેમીમાં દૈનિક પથી ૬ કલાકની તાલીમ લઈ રહી છું. મેં આસામના ગુવાહાટી, ખાતે આયોજીત ૩૪મી સિનિયર નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીતી સિનિયર



એશીયન અને વર્લ્ડ ચેમ્પિયનશીપ માટેની ભારતીય ટીમમાં જગ્યા બનાવી છે. અગાઉ પણ મેં વિવિધ ઈવેન્ટમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા છે. સખત પરિશ્રમ અને અથાગ મહેનતના કારણે મને સફળતા મળતા ખુબ જ ખુશ છું અને મારું ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં વિજેતા બનવાનું સપનું છે." આ શબ્દો છે આસામના ગુવાહાટીમાં આયોજીત ૩૪મી સિનિયર નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીતીને ગુજરાતનું ગૌરવ વધારનાર મિતવા ચૌધરીના. ૩૪મી સિનિયર નેશનલ ફેન્સિંગ આસામના ગુવાહાટીમાં ૨૮ થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન યોજાઈ રહી છે. જેમાં ગુજરાતની મીતવા ચૌધરીએ બ્રોન્ઝ મેડલ જીતી સિનિયર એશિયન અને વર્લ્ડ ચેમ્પિયનશીપ માટેની ભારતીય ટીમમાં જગ્યા બનાવી છે. લીગ રાઉન્ડમાં મિતવાએ ખુશી - દિલ્હી, તન્વી - આસામ, પૂર્ણિમા - વેસ્ટ બંગાળ, ગિતિકા - ઉત્તરપ્રદેશ, અને દિપશીખા- બિહાર તમામને ૫-૦ થી તથા નૈધેલી - કર્ણાટકને ૫-૨થી માત આપી ૬ માંથી ૬ મેચ જીતી ૩૦ પોઈન્ટ મેળવી પ્રતિસ્પર્ધીઓને ૨ જ પોઈન્ટ આપ્યા હતા. એટલું જ નહીં, નોક આઉટ રાઉન્ડમા તમન્ના - ગોવાને ૧૫-૩થી, ધ્રુવી - ગુજરાતને ૧૫-૭થી, ખુશી - મધ્યપ્રદેશને ૧૫-૧૦થી અને કવાર્ટર ફાઈનલમાં અપસેટ સર્જતા ગત વર્ષની ગોલ્ડ મેડલિસ્ટ હરિયાણાની પ્રાચીને ૧૫-૧૦થી માત આપી સેમી ફાઈનલમાં પહોંચી હતી. સેમી ફાઈનલમા યશકિરત - ચંદીગઢ સામે ૧૫-૧૨થી પરાજય થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાત સરકાર પોલીસ વિભાગમાં ૧૨ હજાર જગ્યાઓ ભરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

સરકાર ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે. હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા મામલે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યુ છે. ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે. હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૬૬૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૫૦૦, જેલ સિપાહી (પુરુષ) ૬૮૭, જેલ સિપાહી (મહિલા) ૫૭ જગ્યાઓ પર ભરતી કરાશે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીએ ૨૦૨૨માં બિનહથિયારી PSIની ૩૨૫ જગ્યા પર મંજૂરી આપી હતી.

### વડોદરામાં ઓનેરો લાઈફકેર કંપનીમાં બ્લાસ્ટ, 3 લોકોના મોત

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

ઓનેરો લાઈફકેર કંપનીમાં બ્લાસ્ટ થતાં ૩ લોકોના મોત થયા હોવાની એકલબારા ગામના સરપંચે જાણકારી આપી છે. મૃતક ત્રણેય કામદારો કોન્ટ્રાક્ટ પર કંપનીમાં કામ કરતા હતા. બનાવની જાણ થતાં સ્થાનિક ધારાસભ્ય, મામલતદાર અને પોલીસ ઘટના સ્થળે પહોંચી છે અને ઘટના કેવી રીતે બની તે બાબતે તપાસ હાથ ધરવામાં આવી છે. વડોદરામાં પાદરાના એકલબારા ગામ પાસે આવેલી ઓનેરો લાઈફકેર કંપનીમાં બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે. ખાનગી કંપનીમાં થયેલા આ બ્લાસ્ટમાં ૩ લોકોના મોત થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. તો મૃતકોને હાલ વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઓનેરો લાઈફકેર કંપનીમાં બ્લાસ્ટ થતાં ૩ લોકોના મોત થયા હોવાની એકલબારા ગામના સરપંચે જાણકારી આપી છે.






વસ્ત્રાપુર અંધજન મંડળમાં બ્લાઈન્ડ પીપલને ટ્રાયસીકલ અને બ્રેન લીપી કોમ્પ્યુટરની ભેટ આપવામાં આવી હતી.

#### ખેડૂતોએ મોટું નુક્સાન વેઠવાનો વારો આવ્યો

# રાધનપુર અને સમીમાં કેનાલ ઓવરફ્લો થતા ખેતરોમાં નર્મદાના પાણી ભરાયા

### ખેતરોમાં પાણી ભરાઈ જવાને લઈ ખેતીના તૈયાર પાકને મોટું નુક્સાન થયુ છે ખેતરો તળાવ સમાન બની ચૂક્યા છે

। (એજન્સી) રાધનપુર, તા.૩૧ ।

પાટણના રાધનપુર તાલુકામાં નર્મદાની કેનાલ ઓવરફ્લો થવાને લઈને ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જવાને લઈ ખેડૂતોએ મોટું નુક્સાન વેઠવાનો વારો આવ્યો છે. ખેતરો તળાવ સમાન જોવા મળી રહ્યા છે અને ઘૂંટણ સુધીના પાણી ભરાયા છે.

રાધનપુર તાલુકામાં નર્મદાની કેનાલ ઓવરફ્લો થવાના સમાચાર આવ્યા છે. કેનાલ ઓવર ફ્લો થવાને લઈ રાધનપુરના સાંતોલ નજીક ખેતરો તળાવ સમાન જોવા મળી રહ્યા છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાને લઈ ખેતીના તૈયાર પાકને મોટું નુક્સાન થયુ છે. ખેતરો તળાવ સમાન બની ચૂક્યા છે. જેને લઈ ખેતરોમાં ઘૂંટણ સમાન પાણી ભરાયા હતા. આ ઉપરાંત સમી તાલુકાના



સાકોતરીયા વિસ્તારમાં કેનાલ ઓવરફ્લો થઈ હતી. જ્યાં પણ ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. કેનાલ ઓવરફ્લો થવાને લઈ ખેતરમાં પાણી ભરાઈ જવાને લઈ જીરું, ચણા સહિતના પાક પાણીમાં ડૂબી ગયા હતા.

#### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ડ્રાફ્ટ બજેટ રજૂ

# ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખી સિટી ટ્રાફિક માસ્ટર પ્લાન બનાવાશે

### બજેટમાં વિકસિત અમદાવાદ- ૨૦૪૭, નેટ ઝીરો અને કાર્બન ન્યૂટ્રલ સહિત પાંચ મુદ્દાઓને આવરી લેવાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) નું ડ્રાફ્ટ બજેટ આજે રજૂ કરવામાં આવ્યું. મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસને આ ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું જે શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ૫ પોઈન્ટ પર આધારિત હતું. આ ડ્રાફ્ટ બજેટમાં વિકસિત અમદાવાદ-૨૦૪૭, નેટ ઝીરો અને કાર્બન ન્યૂટ્રલ, રેસિલિયન્સ અને સસ્ટેનેબલ, ઝીરો વેસ્ટ અને સરક્યૂલર ઈકોનોમી તથા લિવેબલ અને હેપ્પી સિટી એમ ૫ મુદ્દાઓને આવરી લેવાયા છે અને તેના પર જ ફોકસ કરવાનું લક્ષ્ય રખાયું છે.

**બજેટમાં મહત્વપૂર્ણ જાહેરાતો**

૧. આ ડ્રાફ્ટ બજેટ અનુસાર સાબરમતી રિવર ફ્રન્ટ ફેઝ-૩ના નિર્માણ વખતે ઈન્દિરા બ્રિજથી લઈને નર્મદા મુખ્ય કેનાલ સુધીના વિસ્તારને ઈન્ટરનેશનલ લેવલ પર ડેવલપ કરવાની યોજના છે.

૨. એએમસી દ્વારા કુલ ઊર્જા જરૂરિયાતના ૫૦ ટકા ગ્રીન એનર્જીનો ઉપયોગ કરવાનું લક્ષ્ય રખાયું છે. તેની સાથે જ વિન્ડ પવાર વેસ્ટ ટુ એનર્જી અને એનર્જી સેવિંગ કરી કાર્બન એમિશનમાં ઘટાડો કરવામાં આવશે.

૩. ડ્રાફ્ટ બજેટમાં પાણીને લઈને પણ મહત્ત્વપૂર્ણ જોગવાઈ છે. ડ્રાફ્ટ અનુસાર પાણીના સપ્લાય તથા વેસ્ટ વૉટર મેનેજમેન્ટના ભાગરૂપે વરસાદના પાણીનું સંગ્રહ કરવા ૫૦ જેટલાં તળાવોની ઈન્ટરલિંક્િંગ સ્ટ્રોમ વૉટરની કામગીરી હાથ ધરાશે.

૪. ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખી અમદાવાદ માટે સિટી ટ્રાફિક માસ્ટર પ્લાન બનાવાશે. જે હેઠળ રોડ, સુએજ, ટ્રાફિક તથા પાર્કિંગ સહિતની પાયાની સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા કરવાનો પણ ડ્રાફ્ટ બજેટમાં ઉલ્લેખ છે.

૫. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આ ડ્રાફ્ટ બજેટમાં શહેરને ૨૦૩૬ના ઓલિમ્પિક ગેમ્સ આયોજનને ધ્યાનમાં રાખી નેટ ઝીરો સિટી બનાવવા પર ફોકસ કરાશે.

# RTIના નામે તોડબાજી કરતાં શખ્સો સામે મુખ્યમંત્રીનું કડક વલણ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

RTI હેઠળ સામાન્ય નાગરિક સરકારના કોઈ પણ વિભાગ પાસેથી સામાન્ય ફોર્મ ભરીને માહિતી મેળવી શકે છે. RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા આરટીઆઈનો દુરઉપયોગ કરી ગાંધીનગરમાં શાળા સંચાકલોને બ્લેક મેઈલ કરી કરી પૈસા પડાવ્યા હોવાનું સામે આવતા આ મામલે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તોડબાજી કરતા શખ્સો સામે મુખ્યમંત્રી દ્વારા કડક વલણ અપનાવ્યું છે. તમામ મંત્રીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી હતી કે આવા લોકો સામે પોલીસ ફરિયાદ કરવી. તેમજ આરટીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે કાર્યવાહીની સૂચનાઆપી હતી. મહેન્દ્ર પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા સીઆઈડી ક્રાઈમે મહેન્દ્ર પટેલના ઘરે દરોડા પાડ્યા હતા.જેમાં મહેન્દ્ર પટેલે ૧૮ શાળાનાં સંચાલકોને ધમકાવી કરોડો રૂપિયા પડાવ્યા હોવાનો ખુલાસો થયો હતો. મહેન્દ્ર પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તા. ૨ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. CID ક્રાઈમે દરોડા પાડીને ૧ કરોડથી વધુની રોકડ સહિત સોનાના દાગીના અને ૪૦૦ કરતા વધુ ફાઈલો મળી હતી. જે તમામ મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહેન્દ્ર પટેલને વર્ષ ૧૯૯૫માં શાળાઓમાં બાળફિલ્મો બતાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જે બાદ તેના શિક્ષણખાતામાં સંપર્કો વધતા તેનો દૂરપયોગ શરૂ કર્યો હતો. જો કે, આરોપી મહેન્દ્ર પટેલની ધરપકડ કરીને CID ક્રાઈમે રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ હાજર કર્યો. જેમાં ૨ તારીખ સાંજે ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે. ગાંધીનગરમાંથી RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે ફરિયાદને લઈ જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી પ્રવિણ ગજેરાએ પ્રતિક્રિયા આપી હતી. માહિતી આપતા કહ્યું કે, ૨૦૧૨થી ૨૦૧૭ સુધી અનેક શાળાઓને મહેન્દ્ર પટેલે નિશાન બનાવી. સાથે જ કહ્યું કે, થોડા થોડા કરીને મારી પાસેથી પણ ૬૬ લાખ રૂપિયા લીધા. જો કે, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને રજૂઆત કરવામાં આવી.

#### અમદાવાદ એરપોર્ટ પર બોમ્બ હોવાની અફવા

# અમદાવાદ એરપોર્ટ પર બોક્સમાં બોમ્બ હોવાની અફવા ફેલાવનાર શખ્સની અટકાયત

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેરના એરપોર્ટ પર એક શખ્સે બોક્સમાં બોમ્બ હોવાની અફવા ફેલાવી હતી. આ વ્યક્તિએ CISFને પૂછપરછમાં બોક્સમાં બોમ્બ હોવાનું કહ્યું હતુ. જે બાદ આ વ્યક્તિની એરપોર્ટ પરથી જ અટકાયત કરી લેવામાં આવી છે. સીઆઈએસએફ દ્વારા બોમ્બ સ્કવોડે બોક્સની તપાસ કરી હતી. જોકે, તેમાંથી કાંઈ પણ શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી. અમદાવાદ એરપોર્ટ પરથી બોમ્બની અફવા ફેલાવનાર શખ્સની અટકાયત કરી લીધી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ એરપોર્ટ પરથી શાહઝેબ ઈરફાન અહમદ નામના વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. આ વ્યક્તિ ઉત્તર પ્રદેશના અમરાહાનો રહેવાસી હોવાનું સામે આવ્યુ છે. શાહઝેબ ઈરફાન વહેલી સવારે અમદાવાદ એરપોર્ટ પરથી દિલ્હી જઈ રહ્યો હતો. આ દરમિયાન સુરક્ષાકર્મીઓ તેના સામાની તપાસ કરી રહ્યા હતા. તપાસમાં સુરક્ષાકર્મીઓએ તેની પાસે રહેલા થર્મોકોલ બોક્સમાં છે તે અંગે પૂછ્યુ હતુ. તેને આ બોક્સમાં રાખેલા સામાન અંગે પુછવામાં આવતા ગુસ્સા સાથે બોક્સમાં બોમ્બ હોવાનું જણાવ્યુ હતુ. જે બાદ ને સુરક્ષાકર્મીઓ સહિતની પોલીસ ટીમ એલર્ટ મોડ પર આવી ગઈ હતી. જે બાદ ને CISFને બોલાવીને બોમ્બની તપાસ શરૂ કરવામાં આવી હતી. બોક્સની સાથે તે વ્યક્તિની પણ સઘન તપાસ કરવામાં આવી હતી. થોડા દિવસ પહેલા પણ અમદાવાદ એરપોર્ટ પર જ આવી ઘટના બની હતી. ફલાઈટ અમદાવાદથી વાયા દિલ્હી થઈ ચંદીગઢ જઈ રહી હતી. ત્યારે ટિકિટના વિવાદને લઈને પેસેન્જરે બોમ્બ હોવાનો કોલ કર્યો હતો. ત્યારે બોમ્બ સ્કોવોડે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી કાર્યવાહી કરતા જાણ થઈ હતી કે, ફલાઈટ રોકાવવા માટે કોઈ વ્યક્તિએ ફોન કરીને અફવા ફેલાવી હતી. ત્યારે પોલીસે ફોન કરનારા વ્યક્તિને ઝડપી પાડ્યો હતો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.








માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨